# એકમેકને ઓળખવાનો જ્ઞાતિ સેતુ

વર્ષ-૨ ● અંક-૨
ડિસેમ્બર-૨૦૦૬ – જાન્યુઆરી-૨૦૦૭
☆
**તંત્રી**
હંસરાજ કંસારા
☆
**તંત્રી મંડળ**
અતુલ સોની (૯૮૨૫૦ ૩૦૧૪૦)
કુ. એકતા કટ્ટા - અંજાર (૯૮૭૯૧ ૯૪૩૩૪)
☆
**વ્યવસ્થાપક સમિતિ**
શૈલેષ કંસારા - ભુજ (૯૮૨૪૦ ૩૩૪૪૦)
પ્રશાંત બીજલાની
જયમીન જે. સોની
સૂર્યકાંત સોની
તુલસીદાસ કંસારા
☆
**મુખપૃષ્ઠ ડિઝાઇન**
શ્રી જયેશ ઘડીયાળી
પ્રિન્ટોગ્રાફી, અમદાવાદ.
☆
**કાર્યાલય**
**ધવલ જ્વેલર્સ**
૧૪, ચાંલ્લા ઓળ,
માણેકચોક,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : (૦૭૯) ૨૨૧૪૪૦૦૮
☆
**મૂલ્ય : રૂા. ૨૦/-**
**વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-**
☆
**E-mail** : gnatisetu@rediffmail.com

'જ્ઞાતિ સેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## પ્રમુખ સ્થાનેથી....

૨૦૦૬નું વર્ષ એના અંત તરફ અને ૨૦૦૭ના આરંભ તરફ પ્રયાણ કરી રહ્યું છે ત્યારે, અમદાવાદ મંડળની ઉપલબ્ધિઓ અને ઉમ્મીદો પર ઉડતી દૃષ્ટિ અને દિશા દર્શન કરવાની, સમાજના પ્રમુખ તરીકેની મારી ફરજને લક્ષમાં લઈ નિવેદન કરૂં છું.

સર્વપ્રથમ આપણું સ્નેહ મિલન. સમાજના સર્વે સભ્યોએ જે સમભાવથી એમાં ભાગ લીધો, દેશના વિવિધ મંડળોમાંથી આપણા નિમંત્રણને માન આપી બધા મહાનુભાવો પધાર્યા અને આપણે શ્રી પ્રભુદાસભાઈ ખેતશી સોનીને આપણા મહામંડળના, સર્વાનુમતે થયેલા પ્રમુખ તરીકે તેમનું સન્માન કરવાની તક મળી. આપણી આ અમૂલ્ય ઉપલબ્ધિનું ઐતિહાસિક મહત્ત્વ રહેશે.

બીજું, મહામંડળ કારોબારીમાં આપણા સમાજને યોગ્ય પ્રતિનિધિત્વ મળ્યું. આપણા માનદ્ મંત્રી મહામંડળના પણ માનદ્ મંત્રી નિયુક્ત થયા, આ બાબત ગૌરવપ્રદ છે. જેનો ખરો યશ, કારોબારીના તમામ સભ્યો તેમજ પૂરા સમાજને ઘટે છે. કારણકે અમદાવાદ મંડળ બે વર્ષ દરમ્યાન જે કામગીરી કરી શક્યું, તેને સર્વે મંડળોએ બિરદાવી અને મહત્ત્વની ગણી.

ત્રીજું, આપણા સમાજ દ્વારા પ્રકાશિત 'જ્ઞાતિ સેતુ'એ મહામંડળ રચના પ્રક્રિયા અને દેશના વિવિધ ભાગોમાં આપણા જ્ઞાતિ મંડળોની પ્રવૃત્તિ, પ્રગતિ અને વિચારોની આપ-લે નું મહત્ત્વનું કામ બખૂબી નિભાવ્યું, જેની મહામંડળે પણ ગૌરવભેર નોંધ લીધી એ પણ આપણી ઉપલબ્ધિ.

આ તબક્કે, મહામંડળના પ્રણેતાઓને, એમણે અમદાવાદને યોગ્ય પ્રતિનિધિત્વ બક્ષ્યું તે બદલ આભાર વ્યક્ત કરૂં છું. સાથે સાથે આપણા સમાજના સર્વે પરિવારોનું, કાર્યકરોનું અને 'સેતુ' ટીમનું પણ અભિવાદન કરૂં છું. કારણકે અમદાવાદ જ્ઞાતિના પ્રત્યેક પરિવારનો સમભાવ, પ્રેમ અને પ્રોત્સાહન આપણા કાર્યકરોને સમાજોપયોગી કાર્યો કરવાનું બળ આપે છે.

અસ્તુ.

**મનુભાઈ કોટડીયા**
**પ્રમુખ**

*With Best Compliments From*

**Pushpat Sakaria**
Mobile : 98240 15058

Arrow Chains

**RODIUM & MINA CHAINS AVAILABLE**

**STOCKISTS OF 92 MELTING**

**OTHER MELTING AS PER ORDER.**

1268, Madan Gopal Haveli Road,
Opp. Gusa Parekh Ni Pole, Manekchowk,
Ahmedabad-380 001.
**Tel. : 32912550 • Intercom : 2274**

# તંત્રી સ્થાનેથી....

અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના ગઠનનું એલાન થયું, બંધારણ ઘડાયું અને હવે કારોબારી સમિતિની રચના પણ થઈ ગઈ. કેટલું જેટ ગતિએ આ બધું થઈ ગયું?

પ્રક્રિયાની તેજ ગતિ સામૂહિક સમજદારી, ક્યાંયથી કોઈ વિરોધ નહીં, વિવાદ નહીં, વસવસો નહીં! જાણે જાદુ થઈ ગયો! કારણકે માત્ર છ માસ પહેલા કોઈએ આવું કંઈક થઈ શકે તેની કલ્પના સુધ્ધા નહીં કરી હોય અને છતાંયે એ થયું. તો એવા કયા પરિબળોએ આ સંભવ થયું તેના પર થોડો મુદ્દાસાર વિચાર રસપ્રદ થશે.

**૧. આવશ્યક્તા :**

વિશ્વ સંકોચાતું જાય છે. વિચાર, વિદ્યા, વ્યવસાય, વ્યવહાર અને વેલ્યુ સિસ્ટમમાં ધરમૂળ પરિવર્તનો થઈ રહ્યા છે. જીવન સ્પર્ધાત્મક અને સંઘર્ષરત છે. વ્યવસાયિક મજબૂરી અથવા વૈચારીક મતભેદોને લીધે પરિવારો તૂટતા જાય છે. સામૂહિક હુંફની પહેલાં ક્યારેય ન હતી તેવી આવશ્યક્તા હવે ઊભી થઈ છે.

**૨. આવશ્યક્તાની અભિવ્યક્તિ :**

ઉપરોક્ત આવશ્યક્તાઓ તો દાયકાઓથી હતી પરંતુ કહે કોણ? અને કોને? અને કઈ રીતે? ભુજ મધ્યે મૂર્તિ પ્રતિષ્ઠાનના ભવ્ય કાર્યક્રમ વખતે આપણી જ્ઞાતિના આર્ષદષ્ટાઓએ એના એંધાણ આપ્યા. એ એંધાણને છેક બીજે છેડે દૂર દૂરથી આપણી જ જ્ઞાતિની થોડી વિચારશીલ વ્યક્તિઓએ આકાર આપવા હિંમત કરી. એ હિંમત શબ્દદેહે સૌ સુધી પહોંચી અને આમ અમદાવાદ જ્ઞાતિના પ્રકાશન 'સેતુ'ના દ્વારા સર્વત્ર સંવાદનો માહોલ થયો. અવાજ સ્પષ્ટ થયો અને પડઘા ચોમેર ફેલાયા.

**૩. વરીષ્ઠોની વરીયતા :**

સૌથી મહત્ત્વનું પરીબળ જેને લીધે સંગઠન સંભવ થયું તે હતું — વિભિન્ન જ્ઞાતિ મંડળ વરીષ્ઠોની ***વ્યવહારીક સમજ, એમની ક્ષેત્રીય પ્રતિષ્ઠા અને પારદર્શકતા.*** આ સમજ અને પ્રતિષ્ઠાથી અવાજને સર્વત્ર આવકાર મળ્યો. એમની પારદર્શકતાએ પ્રક્રિયા પ્રાણવાન થઈ. પરિણામ આપણી સમક્ષ છે.

હર્ષની વાત એ છે કે કથન નહીં પણ કાર્યની કસોટીએ પરખાયેલા પ્રગતિશીલ પ્રતિનિધિઓએ આ મંડળનો કારોબાર સંભાળ્યો છે. જે મહામંડળના ઉદ્દેશો અવશ્ય પૂરા કરશે તે વિશે 'સેતુ'ને પૂર્ણ શ્રધ્ધા છે.

આપણા સમસ્ત સમાજનાં સર્વે પરિવારોને એકતા સાધવા બદલ હાર્દિક અભિનંદન.

***હંસરાજ કંસારા***

# સુભાષિત ચિંતન

*''अपूज्याय पूज्यन्ते पूजानां तु विमानना,*
*त्रिणी तत्र प्रर्वतन्ते दुर्भिक्षिम्, मरणं, भयम् ॥''*

અર્થાત્ જ્યાં અપૂજનીયનું પૂજન કરવામાં આવે છે તથા જે પૂજનીય છે તેઓની અવહેલના (અપમાન) કરવામાં આવે છે, ત્યાં આ ત્રણ પ્રર્વતે છે : દુકાળ, મરણ અને ભય.

સાંપ્રત સમય ટેકનોલોજી અને હરિફાઈનો સમય છે. જ્યાં પૂજનીય કોણ અને અપૂજનીય કોણ? નો નિર્ણય ઉપયોગિતાનાં આધારે કરવામાં આવે છે. પરિણામે, સમગ્ર સમુદાય સાર-અસારનો ભેદ ભૂલી સર્વત્ર નમતો દેખાય છે. અહીં પૂજન શબ્દ શ્રધ્ધા નમ્રતા અને આદરના સંદર્ભે ઉલ્લેખિત કરેલ છે. (અબીલ, ગુલાલ, કંકુ વડે થતાં પૂજન માત્રનાં સંદર્ભે નહીં.) આજના સમયે વિશેષતઃ યુવાવર્ગ શ્રદ્ધા, નમ્રતા અને આદર કેળવવા શંકાશીલ છે. તેને કોઈપણ સંપૂર્ણ શ્રદ્ધેય અને આદરણીય વ્યક્તિ જવલ્લે જ મળતી હોય છે. (અત્રે એ ઉલ્લેખનીય છે કે પૂજનીય શબ્દ મંદિરના કોઈ દેવતા માત્રનાં સંદર્ભે ઉલ્લેખિત નથી.) યુવાવર્ગ માટે વડિલો તથા બુધ્ધિજીવીઓ દ્વારા યોગ્ય રીતે નિઃસ્વાર્થભાવે, સંન્નિષ્ઠ માર્ગદર્શનનો અભાવ રહે છે. ટેકનોલોજી અને હરિફાઈનાં વધતાં સાતત્યનાં કારણે માનવીય સંબંધો અધિકાંશતઃ ઉપયોગિતાનાં આધારે જળવાય છે. જેથી સંબંધો શુષ્ક બની, તેમાં ગુણવત્તાનાં સ્થાને ઉપયોગિતા આવે છે અને અપૂજનીય પણ પૂજાય છે અને પૂજનીયની અવહેલના થતી દેખાય છે.

પરિણામે, સમગ્ર ક્ષેત્રે 'અભાવરૂપી' દુકાળનો ઉદ્ભવ થાય છે. શારીરિક-ભૌતિક રીતે જીવતો માનવ સમુદાય માનસિક રીતે મૃતપાયઃ બને છે. જીવંતતાનો અંત થાય છે. બાહ્ય દૃષ્ટિએ સંપૂર્ણ સક્ષમ માનવીય સમુદાય આંતરિક દૃષ્ટિએ સતત ભયના ઓથાર હેઠળ દબાયેલો રહે છે.

ઉપરોક્ત સુભાષિતનો સારાંશ સમયાંતરે બદલાતો રહે છે.

*(અંજાર જ્ઞાતનાં માજી પ્રમુખ શ્રી શામજીભાઈ ગાંગજીભાઈ મૈચા એ સમજાવેલ સુભાષિતનાં આધારે.)*

***કુ. એકતા કટ્ટા, અંજાર (કચ્છ)***

*With Best Compliments From*

***Dinesh Soni (98240 22823)***
***Jitu Soni (98246 14208)***



# Ashapuri Gold Ornaments

**A.D. BALI, BUTTI, KAP & ALL KIND OF A.D. ITMES**

22, Ground Floor, Ratan Chambers,
Sheth Ni Pole, Ratan Pole, Ahmedabad-380 001.
**Phone : 25382171**

***Specialist in Nose Pin***

# મહામંડળનું પ્રથમ અધિવેશન

અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળની તા. ૧૩-૧૨-૦૬ના રોજ ભુજ ખાતે આયોજિત મહાઅધિવેશનમાં સ્થાપના કરાઈ હતી. આ પ્રસંગે સામાજિક એકતા, શિક્ષણ, તબીબી અને વ્યવસાય ક્ષેત્રને આવરી લેતા બંધારણને પસાર કરી ટ્રસ્ટી મંડળ અને કારોબારી સભ્યોની જાહેરાત કરાઈ હતી. આ પ્રસંગે વિવિધ વક્તાઓએ એવો સૂર વ્યક્ત કર્યો હતો કે, સમાજ સંગઠિત હોય તો તેનો દરેક સ્થળે અવાજ ઊભો થઈ શકે.

આ પ્રથમ મહાઅધિવેશનને જ્ઞાતિ ગોર સુમનભાઈ સાથે દીપ પ્રાગટ્ય કરી મહામંડળના પ્રમુખ પ્રભુદાસ ખેતશી ગુજરાતીએ ખેડબ્રહ્મામાં સ્ફુરેલો વિચાર સાકાર પામ્યો તે બદલ હર્ષ વ્યક્ત કરી જણાવ્યું હતું કે, સમાજ સંગઠિત હશે તો બહાર અવાજ પડશે.

શિક્ષણ નહીં હોય તો સમાજને ઉપયોગી નહીં થઈ શકીએ. ભણવામાં છોકરા કરતાં છોકરીઓ આગળ છે. આ અસમાનતા સામે લાલબત્તી ધરતાં વાલીઓને શિક્ષણપ્રેમ ઊભો કરવા પુત્રોને પ્રોત્સાહિત કરવા હાકલ કરી હતી. આર્થિક, તબીબી અને શૈક્ષણિક પ્રશ્નો દરેક ઘટકોએ એકઠા કરી મહામંડળને મોકલવા જણાવી સમાજના સહકારથી ઉકેલવાની વિચારણા કરાશે તેમ કહ્યું હતું. તેમણે સમાજના નાણાંનો સદુપયોગ થશે તેની ખાતરી આપી હતી. આ પ્રસંગે ચાર પ્રમુખ, મહામંત્રી, બે મંત્રી સહિત ૪૦ જણના ટ્રસ્ટી મંડળ, હોદ્દેદારો, કારોબારી અને મહિલા સભ્યોની વરણીની જાહેરાત કરી હતી.

સમાજ માટે શૈક્ષણિક સંકુલ બનાવવા પાલારા પાસે ૫૦૦ વાર જમીન અને એક લાખ આપવાની સોની પરસોત્તમભાઈ અને હરિલાલભાઈ દ્વારા જ્યારે રવાપરના શાંતિલાલ સાકરીયા પરિવાર વતી આરોગ્ય ક્ષેત્રે ૫૧ હજાર ઉપરાંત અન્ય દાતાઓ તરફથી પણ દાનની સરવાણી વહી હતી.

સાબરકાંઠા સમાજના પ્રમુખ પ્રેમજીભાઈ કે. સોલંકીએ ખેડબ્રહ્માના ચિંતન શિબિર અને કચ્છમાં જ્ઞાતિજનોની મુલાકાતની વિગતો આપી ૧,૮૬,૨૭૪ના કુલ ફાળાની માહિતી આપી હતી. સમાજ વતી પ્રમુખને પાઘડી પહેરાવી સન્માન્યા હતા.

બંધારણની વિશેષતા પર પ્રકાશ પાડતાં સંચાલક ઇંદુભાઈએ જણાવ્યું કે પ્રમુખશાહી પદ્ધતિએ તૈયાર કરાયું છે જેમાં પ્રમુખ દ્વારા સંસ્થાકીય, વ્યક્તિગત અને વિશિષ્ટ સભ્યોને સામેલ કરાશે. આવક તેમજ વધુ સભ્યોને સમાવવા અને અન્ય સમિતિઓ પણ રચાશે. દર ત્રણ વર્ષે અધિવેશન યોજાશે.

મૂળ પંજાબના અને મુંબઈ જ્ઞાતિના અગ્રણી બાબુલાલ સાકરીયાએ વિદેશમાં વસતા ૪૫થી ૫૦ પરિવારોને પ્રતિનિધિત્વ આપવા જણાવી મુંબઈની જ્ઞાતિને નવનાતની મૂડી પૈકી મળનારી રકમમાંથી ૫૧ હજારનો ચેક આપવાની જાહેરાત કરી હતી. પી. જી. સોનીએ જ્ઞાતિ પ્રશ્નોનો સેમિનાર યોજવા કહ્યું હતું. હેમેન્દ્ર કંસારાએ બંધારણ કરતાં નિષ્ઠાને મહત્ત્વની ગણાવી હતી.

કચ્છમિત્રના વ્યવસ્થાપક શૈલેષભાઈ કંસારાએ સમાજમાં તૂટતા લગ્ન અને સગપણના સંબંધો પર દુઃખ વ્યક્ત કરી તેને કલંક ગણાવી આ બાબતે મહામંડળને તકેદારી રાખવા અનુરોધ કર્યો હતો. લતાબેન સોલંકીએ મહિલા સેલની રચના કરવા, મહિલાઓને દીકરીઓને આગળ ભણાવવા અને સારવાર માટે અમદાવાદ જનારાને સહાય મળે તે જરૂરી ગણાવ્યું હતું. તો કુ. એકતા કટ્ટાએ જુગાર અને દારૂનું વ્યસન દૂર કરવા સહિયારા પ્રયાસો માટે હાકલ કરી હતી.

માહિતી ખાતાના અધિકારી શાંતિલાલ સોનીએ અલગ અલગ ફીરકા એક થતાં આગળ વધવા દિશા મળશે તેમ કહ્યું હતું. ભરતભાઈ બગ્ગાએ ગમે તે કાર્યમાં સહકારની, અંજારના હરિલાલભાઈએ સમાજના લોકોને નિષ્ઠા રાખી જાગૃતિ માટે અનુરોધ કર્યો હતો. કોઠારાના ચુનીભાઈ પોમલે સમાચારોના પ્રસાર માટે 'સેતુ'ને મહામંડળનું સામયિક ગણવા કહ્યું હતું. હીરાલાલ સોની અને અંજારના પ્રમુખ શિવલાલ મૈચાએ સક્રિય કાર્યકરોને સમાવવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ભુજ જ્ઞાતિના પ્રમુખ અમૃતલાલ, રાપરના નરભેરામ બુધ્ધભટ્ટી, અમદાવાદના અતુલભાઈ, રાજકોટના કાંતિભાઈ હેડાઉ, ગાંધીધામના ભરતભાઈ, માંડવીના પ્રમુખ વિનોદભાઈ, જામનગરના કરશનદાસ, અંજારના પ્રમુખ શિવલાલભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતી ગેહલોત પરિવાર વતી ચમનભાઈએ પ્રમુખનું સન્માન કર્યું હતું. ભુજ સમાજના શિશિરભાઈ, જયંતીભાઈ હેડાઉ, હર્ષદભાઈ વગેરેએ સહયોગ આપ્યો હતો.

# મહામંડળ – તસવીરી તાસીર





મહામંડળના મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય



ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ સોલંકી દ્વારા
મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈનું અભિવાદન





મહામંડળનું મહાત્મ્ય. વિવિધ સ્થળોએથી પધારેલા વહાલા જ્ઞાતિજનો

# મહામંડળનું મંત્રી મંડળ

| | | | |
|---|---|---|---|
| ★ | શ્રી પ્રભુદાસ ખેતશી ગુજરાતી | (ભુજ) | પ્રમુખ |
| ★ | શ્રી હરિલાલ લખમશી વીસાપરમાર | (અંજાર) | ઉપપ્રમુખ |
| ★ | શ્રી સુનીલ માધવજી પોમલ | (ભુજ) | ઉપપ્રમુખ |
| ★ | શ્રી પ્રકાશ ભગતલાલ બારમેડા | (રાયપુર) | ઉપપ્રમુખ |
| ★ | શ્રી ચુનીલાલ મનજીભાઈ પોમલ | (કોઠારા) | ઉપપ્રમુખ |
| ★ | શ્રી પ્રેમજીભાઈ કેશવજી સોલંકી | (વડાલી) | મહામંત્રી |
| ★ | શ્રી અતુલ એસ. બગ્ગા | (અમદાવાદ) | માનદ્ મંત્રી |
| ★ | શ્રી ભરતભાઈ તુલસીદાસ બગ્ગા | (ગાંધીધામ) | માનદ્ મંત્રી |
| ★ | શ્રી નિતીન ચંદ્રકાંત કટ્ટા | (મુંબઈ) | સહમંત્રી |
| ★ | શ્રી કાંતીલાલ વાલજીભાઈ હેળાઉ | (રાજકોટ) | સહમંત્રી |
| ★ | શ્રી સુરેશભાઈ પ્રાગજીભાઈ સોલંકી | (માંડવી) | સહમંત્રી |
| ★ | શ્રી હીરાલાલ મોહનલાલ બગ્ગા | (નખત્રાણા) | સહમંત્રી |
| ★ | શ્રી ચંદ્રકાંત જટુભાઈ ચનાણી | (ભુજ) | ખજાનચી |
| ★ | શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી | (ભુજ) | સંગઠન મંત્રી |
| ★ | શ્રી જયશ્રીબેન ભરતભાઈ પરમાર | (ભુજ) | સંગઠન મંત્રી |

## કારોબારી સભ્યો

| | | |
|---|---|---|
| (૧) | રસીકલાલ ઝવેરીલાલ બુધ્ધભટ્ટી | ભુજ |
| (૨) | ઈન્દુલાલ હરીરામ સોલંકી | ભુજ |
| (૩) | શૈલેષભાઈ હંસરાજભાઈ કંસારા | ભુજ |
| (૪) | હર્ષદભાઈ જટુભાઈ ચનાણી | ભુજ |
| (૫) | વેલજીભાઈ કાનજીભાઈ હેડાઉ | અંજાર |
| (૬) | મોહનલાલ રાઘવજીભાઈ સોલંકી | અંજાર |
| (૭) | દિનેશભાઈ રાઘવજીભાઈ સાકરીયા | અંજાર |
| (૮) | ચમનલાલ વેલજીભાઈ સોલંકી | ભચાઉ |
| (૯) | લખમશીભાઈ ઈશ્વરલાલ કોટડીયા | ઉગેડી (તા.નલીયા) |
| (૧૦) | હિંમતલાલ બેચરલાલ બગ્ગા | નખત્રાણા |
| (૧૧) | રસીકભાઈ રવજીભાઈ મૈચા | આદિપુર |
| (૧૨) | ચમનલાલ વેલજીભાઈ બારમેડા | વડોદરા |
| (૧૩) | જેઠાલાલ જીવરામભાઈ બારમેડા | તલોદ |
| (૧૪) | મનુભાઈ વી. કોટડીયા | અમદાવાદ |
| (૧૫) | નીલેશભાઈ નરભેરામ બુધ્ધભટ્ટી | રાયપુર |
| (૧૬) | જયંતીલાલ હીરજીભાઈ સાકરીયા | મુંબઈ |
| (૧૭) | કિશોરભાઈ કલ્યાણભાઈ ભુત | જામનગર |
| (૧૮) | રમેશભાઈ મોહનભાઈ બગ્ગા | નખત્રાણા |
| (૧૯) | હેમેન્દ્રભાઈ મોહનલાલ કંસારા | નખત્રાણા |

## મહિલા કારોબારી સભ્યો

| | | |
|---|---|---|
| (૧) | લતાબેન ઈન્દુભાઈ સોલંકી | ભુજ |
| (૨) | અનીતાબેન હિતેશભાઈ ગુજરાતી | ભુજ |
| (૩) | સુધાબેન બુધ્ધભટ્ટી | ભુજ |
| (૪) | સુનંદાબેન હર્ષદભાઈ ચનાણી | ભુજ |
| (૫) | દર્શનાબેન પ્રતીશભાઈ ગુજરાતી | માનકુવા |
| (૬) | કુ. એકતા હેમેન્દ્રભાઈ કટ્ટા | અંજાર |
| (૭) | ચાંદનીબેન વ્રજલાલભાઈ બીજલાણી | મુંબઈ |

## વિવિધ કમીટીના કન્વીનર

| | | |
|---|---|---|
| (૧) | શ્રી રસીકલાલ રવજી મૈચા | શિક્ષણ સમિતિ |
| (૨) | શ્રી હરીલાલ લખમશી વીસાપરમાર | વ્યવસાય માર્ગદર્શન સમિતિ |
| (૩) | શ્રી ઈન્દુલાલ હરીરામ સોલંકી | સામાજીક સમિતિ |
| (૪) | શ્રી સુનીલ માધવજી પોમલ | આરોગ્ય સમિતિ |
| (૫) | શ્રી સુધાબેન બુધ્ધભટ્ટી | કલા અને સાંસ્કૃતિક સમિતિ |
| (૬) | શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી | સલાહકાર સમિતિ |
| (૭) | શ્રી ચંદ્રકાન્ત જટુભાઈ ચનાણી | ડોનેશન અને નાણાકીય આયોજન સમિતિ |

**સર્વે હોદ્દેદારોને 'જ્ઞાતિ સેતુ'ના હાર્દિક અભિનંદન**

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજ

## ૨૧મો સમૂહ લગ્ન સમારોહ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા ૨૧મા સમૂહ લગ્ન સમારોહનું આયોજન તા. ૧૪-૧૨-૦૬ ગુરૂવારનાં રોજ ભુજ મધ્યે યોજવામાં આવેલ. આ સમૂહ લગ્નમાં ૩૧ યુગલો લગ્નગ્રંથિથી જોડાયા હતા.

સમાજમાં સમૂહ લગ્ન બાબતે જાગૃતિ આવે અને ભભકાદાર લગ્નના ખોટા ખર્ચાઓના સકંજાઓમાંથી લોકો બહાર આવે તેવા ઉદ્દેશ સાથે યોજાતા સમૂહ લગ્નમાં નાના-મોટા વર્ગના જ્ઞાતિજનોએ ભાગ લઈ એક જ લગ્ન મંડપ નીચે સમૂહમાં લગ્નગ્રંથિથી જોડાઈને અન્યને પ્રેરણારૂપ બની ૨૧માં સમૂહ લગ્નને યશપૂર્વક સફળતા અપાવેલ છે.

તા. ૧૪-૧૨-૦૬, ગુરૂવાર સવારે ૧૦.૦૦ કલાકે શ્રી ભૂપેન્દ્ર શિવજી બુધ્ધભટ્ટી પરિવાર તરફથી શ્રી ગણેશ પૂજા કરવામાં આવેલ. ત્યારબાદ પૂ.ગોર શ્રી સુમનલાલ ત્રંબકલાલ વ્યાસનાં આચાર્યપદે વેદોચ્ચાર, મંત્રો સાથે લગ્નગ્રંથિથી જોડાઈ જ્ઞાતિનાં ૩૧ સુપુત્રો-સુપુત્રીઓએ પ્રભુતામાં પગલા પાડેલ.



સમૂહલગ્ન સમારોહના પ્રમુખસ્થાને શ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી - ભુજ તેમજ અતિથિ વિશેષપદે (૧) શ્રી વસંતલાલ માવજી બુધ્ધભટ્ટી - ભુજ, (૨) શ્રી ચુનીલાલ મનજીભાઈ પોમલ - કોઠારા, (૩) શ્રી મનસુખલાલ વેલજી પરમાર - માધાપર, (૪) શ્રી વિનોદભાઈ વલ્લભદાસ હેડાઉ - માંડવી, (૫) શ્રી રાજેશભાઈ કેશવલાલ વીસા પરમાર - અંજાર. ખાસ આમંત્રિતો (૧) શ્રી બકુલભાઈ જેન્તીલાલ ગુજરાતી, (૨) શ્રી હિંમતલાલ કાનજીભાઈ બગ્ગા - ભુજ, (૩) શ્રી ભૂપેન્દ્રભાઈ શીવજીભાઈ બુધ્ધભટ્ટી તેમજ શ્રી ઝવેરીલાલ શિવજી બુધ્ધભટ્ટી - ભુજ હતા. તેમની હાજરીએ શોભામાં અભિવૃધ્ધિ કરેલ.

આ પ્રસંગે કચ્છ તેમજ કચ્છ બહારથી વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનોએ પધારી શોભામાં અભિવૃધ્ધિ કરેલ.

લગ્નવિધિ તેમજ સમૂહભોજન બાદ સાંજે ૪.૦૦ વાગે નવદંપતિઓને સત્કારવા "સત્કાર સમારંભ" યોજવામાં આવેલ.

સત્કાર સમારંભની શરૂઆત શ્રી ઝવેરીલાલ શિવજી બુધ્ધભટ્ટીના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવેલ. પૂ.ગોરબાપા શ્રી સુમનભાઈ ત્રંબકલાલ વ્યાસના આશીર્વચન બાદ આમંત્રણને માન આપીને પધારેલ મોંઘેરા મહેમાનો, અંજાર જ્ઞાતિ પ્રમુખ શ્રી શીવલાલભાઈ મૈચા, અખિલ કચ્છ જ્ઞાતિ ઉત્કર્ષ મંડળ - ગાંધીધામના શ્રી ભરતભાઈ તુલસીદાસ બગ્ગા, મુંબઈના જેન્તીલાલ હીરજી, રવાપર જ્ઞાતિ આગેવાન શાંતિભાઈ સોની, રાયપુર જ્ઞાતિ માજી પ્રમુખ શ્રી કિશોરભાઈ બાબુલાલભાઈ બુધ્ધભટ્ટી, વિરાણીના મોહનભાઈ, ખેડબ્રહ્મા પ્રમુખ પ્રેમજીભાઈ કેશવજી, તલોદના જટુભાઈ, જામનગર તેમજ નખત્રાણાથી પધારેલ જ્ઞાતિ આગેવાન સર્વ જ્ઞાતિ પ્રમુખશ્રીઓનું વિગેરેનું સન્માન કરવામાં આવેલ. તેઓ સર્વેએ નવદંપતિઓને આશિષ સાથે શુભેચ્છા પાઠવેલ.

ત્યારબાદ સમારોહના પ્રમુખ શ્રી તથા અતિથિવિશેષ શ્રી દ્વારા નવદંપતિઓનું પુષ્પગુચ્છથી અભિવાદન કરવામાં આવેલ.

કન્વીનર શ્રી નીતિનભાઈ અમૃતલાલ હેડાઉએ નવદંપતિઓને શુભેચ્છા પાઠવી તેમજ સુંદર આયોજન બદલ નવયુવાન કાર્યકરોને બિરદાવેલ.

ત્યારબાદ, જે પ્રથમ સમૂહલગ્નમાં જોડાયેલાં હતાં તેવા નવદંપતિ શ્રી ધીરજલાલભાઈ બુધ્ધભટ્ટી તેમજ ધર્મપત્ની લીલાવંતીબેને આ વર્ષે તેમની જ પુત્રી મીતાબેનના લગ્ન ૨૧માં સમૂહલગ્નમાં જોડાયેલ હતા. તેમનો આ સમૂહલગ્ન સમિતિ પરના અતૂટ વિશ્વાસ બદલ જ્ઞાતિના પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ જે. સોલંકી તેમજ સમારંભના પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ કે. ગુજરાતીના હસ્તે શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ અંજાર જ્ઞાતિમાંથી પધારેલ રાજેશભાઈ વીસા પરમાર તેમજ અન્ય માધાપરથી પધારેલ મનસુખલાલ વેલજી પરિવાર તેમજ શ્રી વસંતલાલ માવજીભાઈ બુધ્ધભટ્ટીએ નવદંપતિઓને સુખમય જીવનની શુભકામના સાથે શુભેચ્છા પાઠવેલ.

ત્યારબાદ સમારંભના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી આ ભવ્ય પ્રોગ્રામની કામગીરી કરનાર તમામ યુવાનોને આવા કાર્ય કરવાની શુભેચ્છા પાઠવી અને સૌ યુગલોને આશિર્વચન આપ્યા હતા.

જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકીએ સમૂહલગ્નમાં જોડાયેલા ૩૧ નવદંપતિઓને સુખમય જીવન નીવડે એવા આશિર્વાદ પાઠવ્યા હતા અને જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોમાં સાથ-સહકાર આપવે સર્વે જ્ઞાતિજનોને જણાવેલ તેમજ જ્ઞાતિના યુવાનોને વિનંતી કરી કે તમામ પ્રકારના વ્યસનોથી દૂર રહેવા યુવાનોને શીખ આપેલ. સફળ આયોજન બદલ સમૂહ લગ્ન સમિતિના કન્વીનર તથા સમૂહલગ્ન સમિતિને અભિનંદન પાઠવેલ.

અમદાવાદથી પધારેલ જ્ઞાતિ મંત્રી શ્રી અતુલભાઈ શંકરલાલ બગ્ગાએ હાલમાં અસ્તિત્વમાં આવેલ મહામંડળનાં મંત્રીની જવાબદારી બજાવતાં મહામંડળની વિવિધ સમિતિઓના કન્વીનરના નામો સાથેની સમિતિઓની જાહેરાત કરેલ તેમજ સમૂહલગ્નની સફળતા માટે સમૂહલગ્ન સમિતિને અભિનંદન પાઠવેલ. નવદંપતિઓને આશિષ આપેલ.

વિવિધ સ્થળોએથી ૨૧મા સમૂહલગ્ન પ્રસંગે આશિર્વચન અને શુભેચ્છા સંદેશ આવ્યા હતા.

૨૧મા સમૂહલગ્ન પ્રસંગે સમિતિ તરફથી ભેટ ઉપરાંત જ્ઞાતિજનો તરફથી મળેલ કુલ ૩૫ આઈટમો (ગીફ્ટ)નું નવદંપતિઓને વિતરણ કરવામાં આવેલ.

ઉપરાંત કુલ્લે ગૌદાનમાં સમૂહ લગ્ન સમિતિના ઉમેરીને દરેક કન્યાને રૂા. ૭૭૦/-નાં કવર, મહેમાનોનાં વરદ્ હસ્તે ભેટ આપવામાં આવેલ.

આ ૩૧ નવદંપતિઓના લગ્નની સરકારી નોંધણી કાર્યની વ્યવસ્થા સ્થળ ઉપર કરવામાં આવેલ.

આ વર્ષે સમૂહ લગ્નની જાહેરાત - સ્ટેશનરી ખર્ચનાં સૌજન્યદાતા શ્રી ઝવેરીલાલ શીવજી બુધ્ધભટ્ટી, ભુજ તરફથી મળેલ તેમજ લગ્ન પત્રિકા ખર્ચના સૌજન્યદાતા સ્વ. ખેતશી ખેંગાર ગુજરાતી પરિવાર ભુજ તરફથી મળેલ તેમજ ધાર્મિક ખર્ચના દાતા શ્રી ભૂપેન્દ્રભાઈ શિવજી બુધ્ધભટ્ટી પરિવાર તરફથી મળેલ.

સમૂહલગ્નના આગલા દિવસે તા. ૧૩-૧૨-૦૬નાં બુધવારે ભવ્ય દાંડિયા રાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી, યુવક મંડળના પ્રમુખ શ્રી સુનીલ માધવજી પોમલ, કન્વીનર શ્રી નીતિન અમૃતલાલ હેડાઉના નેજા હેઠળ જ્ઞાતિ કારોબારી સભ્યો, સમૂહલગ્ન સમિતિના સભ્યો તેમજ નામી-અનામી અસંખ્ય કાર્યકરોથી આ ભગીરથ કાર્ય સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન સમૂહલગ્ન સમિતિના મંત્રી શ્રી ચેતનભાઈ ઈશ્વરભાઈ બારમેડાએ કરેલ.

## મહિલા મંડળ - ભુજની પ્રવૃત્તિઓ

શ્રી મારૂ કંસારા યુવક મંડળ આયોજિત મહિલા મંડળની પ્રવૃત્તિનો અહેવાલ આપું તો ભૂકંપ પછી મહિલા મંડળ ફરીથી કાર્યરત થયું તા. ૭-૭-૦૬થી. કારણકે ભૂકંપને કારણે લગભગ કુટુંબો અન્ય સ્થળે વસવાટ કરવાને લીધે બધાનો સંપર્ક કરવામાં સમય ઘણો નીકળી ગયો. તેથી પહેલા જ કોચિંગ કલાસથી શરૂઆત કરવામાં આવી. જેમાં સુધાબેન બુધ્ધભટ્ટીના માર્ગદર્શન હેઠળ કૂકિંગ કલાસ તથા પરફ્યુમ મેકિંગના કલાસ ચલાવવામાં આવ્યા. જેમાં જ્ઞાતિ ઉપરાંત અન્ય જ્ઞાતિની બહેનોએ પણ ભાગ લીધેલ. જેની સંખ્યા લગભગ ૭૦ ઉપરાંત થવા પામેલ. ત્યારબાદ ક્રિષ્ટી જયંતીલાલ બુધ્ધભટ્ટી તરફથી તા. ૨૭-૭-૦૬ના રોજ મડવર્કની ફ્રેમ મેકિંગના કલાસ એક અઠવાડિયા સુધી ચલાવવામાં આવ્યા. જેમાં પણ જ્ઞાતિની લગભગ ૨૦ બહેનોએ ભાગ લીધેલ. ત્યારબાદ શ્રીમતિ માલતીબેન નરેશ ગુજરાતીના માર્ગદર્શન હેઠળ 'બ્યુટી શોર્ટ કોર્ષ' શીખવવામાં આવેલ. જેમાં પણ જ્ઞાતિની બહેનોએ ભાગ લીધેલ હતો.

નવરાત્રી મહોત્સવ જ્ઞાતિના મંદિર 'કાલિકા માં' મંદિરની બાજુના ખાલી પ્લોટ પર ઉજવવામાં આવ્યો હતો જેમાં જ્ઞાતિના દરેક કુટુંબોએ હોંશભેર ભાગ લીધેલ હતો. આ સમયે જ્ઞાતિના વિવિધ કુટુંબો તરફથી બાળકોને લ્હાણી સ્વરૂપે સ્ટીલની ડિશો, રૂમાલ, ચોકલેટ, પેન્સિલ, રબર વગેરે જેવી વસ્તુઓ વહેંચવામાં આવી હતી અને દરરોજના રાઉન્ડમાં વિવિધ કુટુંબો તરફથી વિજેતાઓને ઈનામો પણ જાહેર કરવામાં આવ્યા હતા. જે કુટુંબોએ નોરતાના ૧થી ૧૦ દિવસો દરમિયાન ઈનામો જાહેર કરેલ તેમના નામો નીચે મુજબ છે.

(૧) પરિવાર સદન તથા ભરત કાંતિલાલ બુધ્ધભટ્ટી પરિવાર, (૨) બેન્કર્સ કોલોની - ભાનુશાલી નગર પરિવાર, (૩) માધવજી વાલજી બુધ્ધભટ્ટી - ચકલાવાળા પરિવાર, (૪) અમુભાઈ સોલંકી (જ્ઞાતિ પ્રમુખશ્રી) - સુનીલભાઈ માધવજી કંસારા પરિવાર, (૫) જટુભાઈ વેલજી ચનાણી પરિવાર, (૬) અંજારિયા ફળીયા અને કંસારા બજાર પરિવાર, (૭) મગનભાઈ વેલજી ચનાણી પરિવાર, (૮) બચુભાઈ સુંદરજી પોમલ પરિવાર અને (૯) ઈન્દિરાબેન - હંસાબેન આણંદજી સોલંકી તરફથી, (૧૦) આઈયાનગર તથા જમનાદાસ કરશનદાસ કટ્ટા તરફથી ઈનામો આપવામાં આવેલ.

નવરાત્રીના આઠમા નોરતાના રોજ આરતી શણગાર હરીફાઈ યોજવામાં આવેલ. જેમાં જ્ઞાતિની ૩૫થી વધુ બહેનોએ ભાગ લીધેલ હતો. જેમાં ૧ થી ૪ વિજેતાઓ તથા ૨ પ્રોત્સાહન ઇનામો જ્ઞાતિ પરિવારો તરફથી જાહેર કરવામાં આવ્યા હતા.

આગામી પ્રવૃત્તિઓમાં અમારા મંડળની જ ૧૦ મહિલાઓની સમુહ લગ્ન સમિતિમાં પણ નિમણુંક કરવામાં આવેલ છે જેમને સમૂહ લગ્નમાં મદદરૂપ થવા માટે કાર્યો સોંપવામાં આવેલ છે. જેમાં મુખ્ય શ્રીમતી લતાબેન આઈ. સોલંકી, સુધાબેન બુધ્ધભટ્ટી, રોહિણી ભરત બુધ્ધભટ્ટી, અરૂણાબેન એન. બુધ્ધભટ્ટી વગેરે બહેનો પોતાની સેવા આપી રહ્યા છે. આગામી વર્ગોમાં ઉન-ગૂંથણ, ભરતકામ વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે. અને આ બધા ઉપરાંત આ બધી પ્રવૃત્તિઓમાં પૂરતું માર્ગદર્શન પ્રોત્સાહન માનનીય શ્રી અમૃતલાલભાઈ સોલંકી તથા સુનીલભાઈ માધવજી કંસારા તરફથી આપવામાં આવ્યું તે કેમ ભૂલાય?

***શ્રીમતિ રોહિણી ભરત બુધ્ધભટ્ટી - ભુજ (કચ્છ)***

# શ્રી પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ

## સમૂહ લગ્ન સમારોહ

શ્રી પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા સમૂહ લગ્ન આયોજીત નખત્રાણા તાલુકાનાં કોટડા (જ) ગામે સમાપન થયેલ હતું. પરંપરાગત સમૂહ લગ્નથી વિશિષ્ટ પ્રકારના આયોજન દ્વારા આ સમૂહ લગ્ન સત્કાર સમારંભ તથા અન્ય કાર્યક્રમોનું દીપ પ્રાગટ્ય કરી ઉદ્‌ઘાટન અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રમુખ સ્થાને જ્ઞાતિના પ્રમુખ શ્રી હીરાલાલભાઈ મોહનલાલ બગ્ગા રહ્યા હતા. જેમણે સ્વાગત પ્રવચનમાં સમૂહ લગ્નના આયોજનની રૂપરેખા વર્ણવી ભવિષ્યમાં પણ આવા સમૂહ લગ્ન પશ્ચિમ કચ્છનાં અલગ અલગ ગામોમાં યોજાય તેમાં પોતાના પરિવાર તરફથી મુખ્ય આર્થિક સહયોગ રહેશે તેની ખાતરી આપી હતી.



પ્રારંભમાં નાની બાલિકાઓ દ્વારા સ્વાગત ગીતનું દર્શનાબેન ગુજરાતી દ્વારા આયોજન કરવામાં આવેલ હતું.

પશ્ચિમ કચ્છના ધોરણ-૮થી કોલેજ સુધી ૭૦%થી વધુ ગુણ પ્રાપ્ત કરેલ તેજસ્વી વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન કરવામાં આવેલ હતું. ત્યારબાદ આ સમૂહ લગ્નમાં આર્થિક સહયોગ આપી જેમણે દાન આપેલ એવા દાતાઓનું આયોજન સમિતિ દ્વારા પ્રતિક સ્મૃતિ ભેટ તથા શાલ ઓઢાડી સમાજના આગેવાનો દ્વારા તેમનું સન્માન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે આપણી જ્ઞાતિનાં સમાજના અગ્રણીઓ, સામાજીક અગ્રણીઓ, અધિકારીઓ તેમજ રાજકીય અગ્રણીઓ તથા જાહેર ક્ષેત્રમાં સંકળાયેલ આગેવાનો તેમજ કચ્છનાં આપણી જ્ઞાતિનાં દરેક તાલુકાના જ્ઞાતિ પ્રમુખોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ હતું.

સમૂહ લગ્નમાં જોડાયેલ ૧૫ દંપતિઓ પૈકી કુપાલીબેન સોનીએ પોતાના પ્રતિભાવ આપી જણાવેલ કે આજે મારૂં સદ્‌ભાગ્ય છે કે આટલી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત આગેવાન વડીલોના આશિર્વાદથી અમને આ તક મળી છે. તેમણે સમૂહ લગ્ન આયોજનને બિરદાવી ખુશી વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે ભુજ જ્ઞાતિના પ્રમુખ શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી તેમજ કચ્છમિત્રના મેનેજર શ્રી શૈલેષભાઈ એચ. કંસારા તેમજ નાયબ માહિતી નિયામક શાંતિલાલ એમ. સોની (ગાંધીનગર), જ્ઞાતિના પૂર્વ પ્રમુખ શ્રી ભરતભાઈ બી. બગ્ગા, અંજાર જ્ઞાતિના પ્રમુખ શ્રી શિવલાલભાઈ એસ. મૈચા તેમજ નખત્રાણા સોની જ્ઞાતિનાં પ્રમુખ શ્રી હિંમતલાલ બી. બગ્ગા, સમાજના અગ્રણી પી. જી. સોની વગેરે આયોજન સમિતિના આ કાર્યને બિરદાવી જુદા જુદા મંતવ્યો રજૂ કર્યા હતા.

સમૂહ લગ્ન પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલ ભુજના ગોર શ્રી સુમનાઈ વ્યાસ તથા અંજાર જ્ઞાતિનાં ગોર શ્રી કનકચંદ્ર વ્યાસે ઉપસ્થિત નવદંપતિને આશીર્વાદ પાઠવેલ હતા તથા તેમનું શાલ ઓઢાડી સ્મૃતિચિન્હ દ્વારા સન્માન કરવામાં આવેલ હતું. આપણી જ્ઞાતિના બહારગામથી પધારેલ મહેમાન શ્રી સોની જેઠાલાલ રાઘવજી ગુજરાતી (નલીયા પૂર્વ પ્રમુખ) તેમજ શ્રી વિનોદભાઈ વલ્લભદાસ હેડાઉ (પ્રમુખ માંડવી સોની જ્ઞાતિ), શ્રી ગીરીશભાઈ સોની (ઉપપ્રમુખ - અમદાવાદ જ્ઞાતિ), શ્રી સોની પ્રેમજીભાઈ કેશવજી (પ્રમુખ સોની જ્ઞાતિ સાબરકાંઠા (વડાલી)), શ્રી ભરતભાઈ બગ્ગા (પ્રમુખ શ્રી અખિલ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ ઉત્કર્ષ મંડળ - ગાંધીધામ), શ્રી ગીતાબેન તુલસીદાસ પોમલ (નાયબ મામલતદાર - નખત્રાણા), શ્રી ભાઈલાલભાઈ પ્રેમજી મૈચા (અંજાર), શ્રી સોની ગોવિંદજી વલ્લભજી (ખોંભડી), શ્રી શંભુભાઈ સોની (પ્રમુખશ્રી વિરાણી મોટી), શ્રી પ્રફુલકુમાર પ્રાગજી પરમાર (પ્રમુખશ્રી સોની જ્ઞાતિ - નેત્રા), શ્રી સોની જયંતભાઈ તુલસીદાસ સોલંકી (જ્ઞાતિ અગ્રણી સામત્રા વીરાણીવાળા) વિ. મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ સમૂહ લગ્નને સફળ બનાવવા માટે પશ્ચિમ કચ્છના પ્રમુખ શ્રી હીરાલાલભાઈ બગ્ગા, કન્વીનર શ્રી લખમશીભાઈ સોની, સહકન્વીનર શ્રી વેલજીભાઈ એલ. બુધ્ધભટ્ટી, હેમેન્દ્રભાઈ એમ. કંસારા, શાંતિલાલ એમ. સાકરીયા, ગંગારામભાઈ કે. કટ્ટા, રમેશચંદ્ર રાઘવજી લાયચા, ધનજીભાઈ હરીલાલ સોની, રમેશભાઈ એમ. બગ્ગા (ખજાનચી), શાંતિલાલ ડુંગરશી કટ્ટા (મંત્રી), રમેશભાઈ

એમ. કંસારા (ઉદય મંડપ), ભોગીલાલ હંસરાજ સોની, પ્રવીણભાઈ એમ. બગ્ગા, જયંતીલાલ ગુજરાતી (નલીયા), રવજીભાઈ કેશવજી સોની, હરીલાલ હેમરાજ સોલંકી, હિંમતલાલ બી. બગ્ગા - પ્રમુખશ્રી સોની જ્ઞાતિ નખત્રાણા, ભાઈલાલ ગોવિંદ સોની, કેશવલાલ સોની (નેત્રા), રમણિકલાલ ગોકલદાસ સોની, દિનેશભાઈ સોની (વિથોણ), હિંમતભાઈ સોની વિથોણ, પ્રમુખ, મોહનલાલ રામજી કોટડીયા (કોટડા - જ.) સહિતનાં પશ્ચિમ કચ્છનાં ઘણાબધા સોની જ્ઞાતિનાં આગેવાનોએ જહેમત ઉઠાવી હતી.

કાર્યક્રમનું સંચાલન હેમેન્દ્રભાઈ એમ. કંસારાએ તથા આભારવિધિ લખમશીભાઈ ઈશ્વરદાસ કોટડીયાએ કરી હતી.

## *સમૂહ લગ્નની સાથે સાથે....*

- તા. ૧૧-૧૨-૦૬ના રોજ યોજાયેલ સમૂહ લગ્નમાં ૧૫ યુગલોએ ભાગ લીધો હતો.
- સમૂહ લગ્નના આયોજનની વ્યવસ્થા જડબેસલાક હતી. વિશાળ સમાજવાડીની અંદરમાં અગાઉથી આવી ગયેલ પક્ષકારોને ઉતારાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. જેમને જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ હતી. અંદાજે ૭૦૦ જણાની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી.
- રાત્રે આવનાર પક્ષકારો તથા તેમની સાથેના મહેમાનો અંદાજે ૭૦૦ જણની ભોજનની વ્યવસ્થા સમૂહ લગ્નની આયોજન સમિતિ દ્વારા કરવામાં આવી હતી. જેમાં કચ્છી દેશી ખાણું પીરસવામાં આવેલ હતું.
- સવારના તમામ મહેમાનો, આમંત્રિતો, ભાગ લેનાર પક્ષકારો તથા તેમના મહેમાનોને વડા સંભાર, ઈડલી સંભાર નાસ્તામાં પીરસવામાં આવેલ હતી તથા ચા-દૂધ-કોફી ચાલુ રાખવામાં આવેલ હતા.
- લગ્નવિધિ ગાયત્રી પરિવાર દ્વારા વેદિક સંસ્કૃતિ દ્વારા કરાવવામાં આવેલ. જેમાં ગાયત્રી પરિવારના શ્રી પ્રાણલાલભાઈ સોની અમદાવાદ તથા શશીકાંતભાઈ આચાર્ય - ભુજ દ્વારા લગ્નવિધિ શરૂ કરેલ. જેમાં પ્રત્યેક લગ્નવિધિએ તેમાં દૃષ્ટાંત સહિત સમજણ પાડી દીકરીના દાન મહિમા સમજાવેલ ત્યારે મંડપમાં બેઠેલ કન્યા તથા ઉપસ્થિત જ્ઞાતિની બહેનોને ભાઈઓ પણ ચોધાર આંસુએ રડી પડ્યા હતા. લગ્ન ગીત તથા ફટાણા દ્વારા વાતાવરણ મંગલમય બનાવેલ હતું. પ્રત્યેક મંડપ પાસે ગાયત્રી પરિવારની બહેનોએ જવાબદારી સંભાળી હતી.
- બપોના ભોજનની વ્યવસ્થા જડબેસલાક હતી. અંદાજે ૩,૦૦૦ લોકોને મીઠી મધુરી વાનગી પીરસવામાં આવી હતી જે કદાચ શ્રીમંતોના પ્રસંગમાં પીરસવામાં આવતું હશે તેવું શાહી ભોજન હતું.
- સાંજના સત્કાર સમારંભની સાથે અનેકવિધ કાર્યક્રમો પણ આયોજન સમિતિ દ્વારા આવરી લેવામાં આવેલ હતા. જે અત્યાર લગીની પરંપરાથી અલગ હતું. જે કાર્યક્રમ અંદાજે ત્રણ કલાક ચાલ્યો હતો.
- સમૂહ લગ્ન સમિતિ દ્વારા પ્રત્યેક કન્યાને ઈ.ગોડો તથા ડીનરસેટ આપવામાં આવેલ. ગંગારામભાઈ સોની તરફથી પ્રત્યેક કન્યાને મિક્ષ્ચર તથા શાંતિલાલ સોની (રવાપર) તરફથી પ્રત્યેક કન્યાને ઇ.કોઠી તથા કૂકર આપવામાં આવેલ હતું. તેમજ અન્ય દાતાઓ તરફથી ભેટો આપવામાં આવેલ હતી.
- આ અગાઉ તા. ૧૦-૧૨-૦૬ના પરંપરાથી અલગ રહી અંદાજે પાંચથી છ પક્ષકારો દ્વારા સામૂહિક સગપણ તથા ચુંદડીનો પ્રસંગ યોજવામાં આવેલ હતો. તેથી ખોટા ખર્ચ બચાવવામાં આવેલ અને નવો પ્રયોગ કરવામાં આવેલ હતો.
- રાત્રે ઉપસ્થિત પક્ષકારો દ્વારા દાંડિયા રાસ કાર્યક્રમ યોજવામાં આવ્યું હતું.
- સોની જ્ઞાતિની લગ્ન પત્રિકામાં સૌપ્રથમવાર દાતાઓના નામો તથા વિવિધ આગેવાનોના સન્માન ઉલ્લેખ કરવામાં આવેલ. જે કંકોત્રી અલગ રીતે જણાતી હતી.

એકંદરે આ સમૂહ લગ્ન ખૂબજ સફળ અને શ્રેષ્ઠ આયોજન અને નવો ચીલા પાડનાર રહ્યો હતો.

સમૂહ લગ્ન આયોજન સમિતિ દ્વારા એક બુકલેટ છાપી આપવામાં આવેલ હતી જે પણ એક નવીનતા જણાઈ હતી.

***સોની પ્રકાશ પી. કટ્ટા (શંભુ) - નખત્રાણા, કચ્છ***

## સમય....

*સમય આવ્યો*
*સહુ રાજી થયા....*
*સમયની મૈત્રી માટે*
*પડાપડી કરી....*
*સહુ સેવામાં લાગી ગયા,*
*સમય, સમય, સમય....*
*સમય સિવાય કશુંજ નહી*
*આગળ, પાછળ, ઉપર-નીચે*
*સમય જ સમય.....*
*અને એક દિવસ....*
*સમયનું મૃત્યુ થયું......*
*પણ...*
*સમયની સ્મશાન યાત્રામાં*
*કોઈ જ ન હતું...કારણ....*
*કોઈને સમય ન હતો.*

***શ્રીમતી જયશ્રી બી. પરમાર - ભુજ***

## શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતિનો પ્રથમ વખત યોજાયેલ સ્નેહ મિલન

કારતક સુદ ચોથ, તા. ૨૬-૧૦-૦૬નાં ગુરૂવારના દિવસે સાંજે ૫ કલાકે શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતિનાં પ્રમુખ શ્રી હિંમતલાલભાઈ બી. બગ્ગાનાં પ્રમુખપદે સ્નેહ મિલન યોજવામાં આવ્યું હતું. જેમાં ૫.કચ્છના મારૂ કંસારા સોની જ્ઞાતિના ઉપપ્રમુખ શ્રી ભોગીલાલ એચ. કટ્ટા તેમજ સોની જ્ઞાતિ નખત્રાણાના મંત્રી શ્રી રવજીભાઈ કે. સાકરીયા તેમજ કારોબારીનાં પ્રત્યેક સભ્યોશ્રીઓ તેમજ સોની જ્ઞાતિના યુવક મંડળના સભ્યો તેમજ નખત્રાણા સોની જ્ઞાતિનાં પ્રત્યેક કુટુંબોએ સપરિવાર મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સ્નેહ મિલનમાં સમાજનાં ઉત્કર્ષ તેમજ સર્વાંગી વિકાસને લગતી ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને આવું સ્નેહ મિલન નવા વર્ષના પ્રથમ દિવસે બપોર પછી યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી મારૂ કંસારા નખત્રાણા સોની જ્ઞાતિનાં સર્વે વેપારી બંધુઓએ સાથે રહીને સ્નેહ મિલન અને નવા વર્ષની શુભ કામનાઓ તેમજ સાલ મુબારક કર્યા હતા.

**શ્રી નખત્રાણા સોની જ્ઞાતિ યુવક મંડળના નવા ચુંટાયેલા હોદ્દેદારોની વરણી**
**વર્ષ ૨૦૦૭-૨૦૧૦**






| | | | |
|---|---|---|---|
| **શ્રી દિનેશ બેચરલાલ બગ્ગા પ્રમુખશ્રી** | **શ્રી જયેશ રતિલાલ કટ્ટા ઉપ પ્રમુખશ્રી** | **શ્રી પ્રફુલ મોહનલાલ કંસારા ઉપ પ્રમુખશ્રી** | **શ્રી કૌશિક ભોગીલાલ કટ્ટા ખજાનચી** |

**મંત્રી : શ્રી ભરતભાઈ વિશનજી કટ્ટા**
**સહમંત્રીશ્રી : શ્રી ધીરજલાલ મનસુખભાઈ બાડમેડા**
**સહ ખજાનચી : શ્રી અનિલભાઈ હરીલાલ સોની**

***સોની પ્રકાશ પી. (શંભુ) – નખત્રાણા***

## નખત્રાણામાં ઝાકઝમાળવાળો સગાઈ પ્રસંગ જ્યારે લગ્નમાં ફેરવાઈ ગયો!

છેલ્લા કેટલાક સમયથી મોટાઈની દેખાદેખીમાં સગાઈ અને લગ્ન જેવા શુભ પ્રસંગોમાં ઝાકઝમાળ તેમજ બેફામ ખર્ચ થતાં જોવા મળે છે. સગાઈ જેવા પ્રસંગમાં પણ જાણે જાન આવી હોય એવડી મોટી સંખ્યામાં સગાસંબંધીને એકઠા કરવામાં આવે છે. પરંતુ તાજેતરમાં નખત્રાણામાં કંસારા સોની પરિવારમાં સગાઈના પ્રસંગમાં કરવામાં આવેલી ઝાકઝમાળ અચાનક એ પ્રસંગ લગ્નમાં પલટાઈ જતાં થોડાઘણે અંશે સાર્થક કરી હતી.

સગાઈનો પ્રસંગ હતો. શાસ્ત્રોક્તવિધિ ચાલી રહી હતી ત્યાં દેખાદેખીની ચર્ચામાં અચાનક બંને પક્ષના વડીલોને એવો પ્રેરક વિચાર આવ્યો કે આમેય લગભગ તમામ સગા અને સ્નેહીઓ અહીં હાજર છે તો પછી આ પ્રસંગે જ લગ્ન કરી નાખીએ તો શું વાંધો? ઉભય પક્ષના જે સગા ત્યાં હાજર હતા તેમાં ચર્ચા વિચારણા થઈ, છ-બાર મહિના પછી જ્યારે લગ્ન લેવાય ત્યારે આજના પ્રસંગથી પણ વધુ ખર્ચ થવાની સંભાવના ચર્ચાઈ અને આજના યુગમાં એવી ખોટી દેખાદેખીથી બચવાનો મુદ્દો પણ ચર્ચાયો. બધા સંમત થયા અને લેવાઈ ગયા ઘડિયા લગ્ન.

***પી. જી. સોની – નખત્રાણા***

*આપશ્રી આપણી જ્ઞાતિની સામાજીક પ્રગતિ હેતુ આવી પ્રવૃત્તિઓ કરતા રહો એવી 'જ્ઞાતિસેતુ'ના પરિવારની શુભ કામના. જ્ઞાતિ-વિષયક પ્રેરણાદાયક પ્રસંગો વિષે, યુવા પ્રવૃત્તિઓ વિષે તેમજ યુવાનો / યુવતીઓ દ્વારા પ્રેરક લેખો, વાર્તાઓ, વાતો વિચારો મોકલવા વિનંતી.*

*દેખાદેખીમાં થતા ખોટા ખર્ચ અટકાવતા આ પ્રકારના પ્રસંગો વિશે 'સેતુ'ને જણાવો. 'સેતુ' એના તમામ વાંચકોને જણાવશે.*

*– મુખ્ય તંત્રી*

With Best Compliments From

# ચોક્સી મગનલાલ એન્ડ કંપની

(ધ્રાંગધ્રાવાળા)

**સોનાની ઈટાલીયન મશીન ચેઈનના હોલસેલ વેપારી**

૧૧૬૪, બંધારાના ખાંચાના નાકે, સોનીના ખાંચા સામે,
માણેકચોક, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : (ઓ.) ૨૧૧૩૩૯૫, ૨૧૪૨૨૫૯



શુભેચ્છા સહ....

**દિનેશભાઈ સોની**



## રાઘવ જ્વેલર્સ

ગંગા બજાર,
૧૨ મીટર રોડ,
અંજાર (કચ્છ.)

## શ્રૃધ્ધા જ્વેલર્સ

૩, શ્રીમદ્ શિખર કોમ્પ્લેક્ષ,
પોસ્ટ ઓફિસની સામે,
મચ્છીપીઠ, અંજાર (કચ્છ)

**સોના-ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર**

ફોન : ૦૨૮૩૬-૨૪૧૭૫૪ • મો. ૯૮૨૫૧ ૫૩૬૫૧

# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ

## નૂતન વર્ષ સ્નેહ મિલન

શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિનો નૂતન વર્ષ સ્નેહ મિલન તા. ૫-૧૧-૨૦૦૬ રવિવારના રોજ અમદાવાદ ખાતે

સમર્પણ હોલમાં યોજવામાં આવેલ. અમદાવાદમાં વસતા કુલ-૮૦ જ્ઞાતિ પરિવારોના લગભગ ૪૦૦ જેટલા સભ્યોએ ઉત્સાહભેર મળી એકબીજાને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી હતી. સમારોહ શ્રી હસમુખભાઈ મહીચ્છાના અધ્યક્ષપદે યોજાયેલ. આ પ્રસંગે શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસ ખેતશીભાઈ સોનીએ અતિથિ વિશેષ તરીકે હાજરી આપેલ. જ્ઞાતિ પ્રમુખો સર્વશ્રી વિનોદભાઈ હેડાઉ - માંડવી, શ્રી હિંમતલાલ બેચરદાસ બગ્ગા - નખત્રાણા, શ્રી કિશોરભાઈ સોની - જામનગર, રાજકોટના જ્ઞાતિ અગ્રણી, કસ્ટમ સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી કાંતિભાઈ હેડાઉ, 'જ્ઞાતિસેતુ'ના સહતંત્રી કુ. એકતા કટ્ટા, કચ્છી સમાજના સહમંત્રી શ્રી વાડીલાલ પંચાલ સહિત મહાનુભાવોએ અમદાવાદ જ્ઞાતિને શુભેચ્છા પાઠવી હતી.

જ્ઞાતિના માનદ્ મંત્રી શ્રી અતુલ સોનીએ અમદાવાદ જ્ઞાતિ







સંસ્થાની પ્રવૃત્તિઓની માહિતી આપેલ તથા આગામી સમયમાં જ્ઞાતિ વિકાસ માટે ઉમંગભેર કાર્ય કરવા અમદાવાદ જ્ઞાતિ તૈયાર હોવાનું જણાવેલ. આ સમારોહમાં અખિલ ભારતીય મહામંડળના નવ નિયુક્ત પ્રમુખ શ્રી પ્રભુદાસ ખેતશીભાઈ સોની (ભુજ)નું સન્માન કરી સ્મૃતિ ચિહ્ન અર્પણ કરવામાં આવેલ. સન્માનના પ્રત્યુત્તરમાં શ્રી પ્રભુદાસભાઈએ અમદાવાદ જ્ઞાતિએ ટુંક સમયમાં પડકારો ઝીલીને જે પ્રગતિ કરેલ છે તે દષ્ટાંત રૂપ ગણાવેલ છે. અમદાવાદ જ્ઞાતિ દ્વારા પ્રસિધ્ધ થતું મુખપત્ર 'જ્ઞાતિસેતુ' ઉત્તરોતર પ્રગતિ કરે અને દેશ વિદેશમાં વસતા આપણા જ્ઞાતિજનોને લાભ મળે એટલા માટે સેતુરૂપ બને તેવી શુભકામના સર્વે વક્તાઓએ વ્યક્ત કરેલ હતી.

આ પ્રસંગે જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરી ઇનામો આપવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન અતુલ સોની તથા આરોહી કોટડીયાએ કરેલ.

જ્ઞાતિ મંડળના નવા હોદ્દેદોરાના નામ પૃષ્ઠ-૨૧ પર આપેલા છે. એમને સહુને 'જ્ઞાતિસેતુ'ના હાર્દિક અભિનંદન.

*– અતુલ સોની*





# આપણી અવિછિન્ન પરંપરાઓ

કુ. એકતા કટ્ટા (મો. ૯૮૭૯૧ ૯૪૩૩૪)

## બુધ્ધભટ્ટી પરિવારના નૈવેદ્ય

*ગત અંકમાં આપણી નૈવેધ પરંપરાને આલેખિત કરવાના પ્રયાસનો પ્રારંભ કર્યો. જેમાં ભુજનાં ગં.સ્વ. દિવાળીબેન દામજીભાઈ કટ્ટા તથા અમદાવાદનાં સુવર્ણ જાગૃતિ સામાજીક પત્રિકાનાં સંપાદક શ્રી સુન્દરલાલજી પ્રહલાદજી સોની દ્વારા પ્રાપ્ત માહિતીનાં આધારે 'શ્રી કટ્ટા' ગોત્રનાં વિવિધ ઉત્સવો તથા પ્રસંગોએ થતાં નૈવેધની માહિતી, કટ્ટા ગોત્રની ઉત્પતિની માહિતી સહ આલેખિત કરી. આ અંકમાં અંજારનાં શ્રીકાન્તિલાલ નારાણજી બુધ્ધભટ્ટી દ્વારા પ્રાપ્ત 'શ્રી બુધ્ધ ભટ્ટી ગોત્ર'નાં વિવિધ નૈવેધની માહિતી આલેખિત કરેલ છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, એક જ ગૌત્ર હોવા છતાંય, ઘણાં ગૌત્રોમાં દેવીનાં સ્થાનકો જુદાં હોવાથી તેઓની નૈવેધ પરંપરામાં પણ થોડો તફાવત જોવા મળતો હોય છે. તો, આલેખિત ગૌત્રોનાં નૈવેધનાં તફાવતોની માહિતી પણ મોકલવા વિનંતી, જેથી જે તે સ્થાનકે પૂજન કરતાં ગૌત્ર બંધુઓને પણ સાચી માહિતી પ્રાપ્ત થઈ શકે. નૈવેધ સંબંધી માહિતી, કુ.એકતા કટ્ટા, 'કૃષ્ણ-કૃપા', રામકૃપા સોસાયટી; ડી.વી.હાઈસ્કુલ પાસે, અંજાર (કચ્છ)ના, સરનામે મોકલવી.*

*– મુખ્ય તંત્રી*

---

- **બુધ્ધભટ્ટી ગૌત્રની ઉત્પત્તિ :**

બુધ્ધભટ્ટી મધુદીક્ષીનાં વંશજ છે. સંવત ૧૬૨૦ના શાખ પડી ૪૪૩ વર્ષ થયા. મૂળ સિંધના (પાકિસ્તાન)થી આવેલ બુધ અને લાટી બે ભાઈ હતાં. જેમાં મોટાં ભટ્ટી અને નાનાં બુધ હતા. એક વખત સિંધમાં મુસલમાનોનો બળવો થયો. જેમાં હિન્દુ બહેન-બેટીઓની લાજ રાખવી મુશ્કેલ થઈ ત્યારે ભટ્ટીએ બુધને કહ્યું કે "બહેન, બેટી અને બાળકો લઈને ભૂજ જા." બુધ ભુજ આવતાં હતાં, ત્યારે ભટ્ટી યુદ્ધે ચડ્યાં. યુદ્ધ લાંબું ચાલ્યું અને ભટ્ટી ઘવાયા. ભટ્ટી પાસે એક બળદ હતો જના પર તે વેપાર કરતાં. તેના પણ શિંગડા ઘવાયા. તેનાં શીંગડામાંથી લોહી વહેતું હતું. બુધ બાળકોને મૂકી પાછો ફર્યો. ત્યારે તેને થયું કે, "ભાઈને ગોતવો ક્યાં?" શીંગડામાંથી વહેતાં લોહીની નિશાનીનાં આધારે ભાઈને ગોત્યા. યુદ્ધમાં ઘવાયેલ ભાઈનાં શરીરમાંથી ઘણું લોહી વહી ગયું હતું. તેણે કહ્યું કે, "હું બચીશ નહીં માટે તું મારી મરણોત્તર વિધિ કરી સંસાર આગળ વધાર અને અટક બુધ્ધભટ્ટી રાખજે. વંશને બુધ્ધભટ્ટી રાખજે." અને ભટ્ટી ગુજરી ગયાં. તેમનાં ધર્મપત્ની સતી થયા અને આજે પણ સતીમાં પૂજાય છે.

ભટ્ટી કારતક સુદ ૧૪નાં શુરાપુરા થયાં. રસ્તામાં નલીયા-કોઠારાની વચમાં જંગલમાં મુસલમાનોનો સામનો કર્યો. મુસલમાનોએ બહેન-બેટીઓ સોંપી દેવાની વાત કરી. બન્ને ભાઈઓએ આ વાત નકારી. બુધને બુધિયો અને ભટ્ટીને ભટિયો કહેતા.

બુધ કુટુંબ સહિત બળદ સાથે લઈને ભુજ આવ્યા. ભુજમાં કુટુંબની વ્યવસ્થા કરી અને મહારાવશ્રીને વાત કરી.

- **બુધ્ધભટ્ટી ભાઈઓનાં કુળદેવી :**

શ્રી મોમાઈ માતાજી બુધ્ધભટ્ટી ગૌત્રનાં કુળદેવી છે. તેઓનું મુખ્ય સ્થાનક કચ્છનાં રાપર તાલુકાનાં 'મોરાગઢ' ગામે આવેલ છે.

- **શ્રી પુરસાદાદાનું સ્થાનક :**

અબડાસા તાલુકાનાં નલીયા-કોઠારાની વચ્ચે 'ભાનાડા; કે, જે નલીયાથી નવ કિ.મી.નાં અંતરે છે અને કોઠારાથી પણ નવ કિ.મી.નાં અંતરે છે, ત્યાં બુધ્ધભટ્ટી ગૌત્રનાં પુરસાદાદાનું સ્થાનક આવેલ છે.

- **શ્રી મોમાઈ માતાજીની સ્તુતિ :**

*નમન હૈ, હસ્ત જોડું મૈયા, શરણ મેં તેરા છૈયા,*
*કુળદેવી મોમાઈ માત તું મેરી, અરજ સુન લડકે કી તેરી,*
*સકલ જગ વ્યાપી રહી તું હી, આજ હોંશ મુજ પડી મોહી,*
*ભુલા મૈં મોહ કે સપને મેં, જાના નહીં રૂપકો અપને,*
*બુરા મૈંને બહોત કિયા હૈ માઈ, શરણ તેરે આ પડા હું આઈ,*
*ક્ષમાકર પાપ સૌ મેરા, ભરોસા માઁ તું હૈ મેરા,*
*કરૂણા દૃષ્ટિ કર માતા, આયુષ્ય, ધન, સુખ કી દાતા,*
*જગત કી માં તું મોમાયા, તેરા ગુણ વેદ નિત્ય ગાયા,*
*તું હી બ્રમ્હ તેજ, તું હી શક્તિ, રમા, ગંગા, પાર્વતિ, ભક્તિ,*
*અલખ તું ઈશ્વરી અંબા, નમામિ માં તું જગદંબા,*
*અરજ સુણ 'માધવ' કી મૈયા, શરણ મેં રખ મૈં તેરા છૈયા.*

- **શ્રી મોમાઈ મંત્ર :**

*જગજનની, દુ:ખ હરની, મનોવાંચ્છિત પુરણી,*
*શ્રી મોમાઈ માતાય નમો નમ:*

- **કુળદેવીનાં નૈવેદ્ય :**

આસોસુદ બીજનાં રાત્રે સવા પા શેર ઘઉંનાં ડારાની લાપસી તથા બે શ્રીફળનાં નૈવેદ્ય કરવા.

આસો સુદ આઠમનાં બપોરે સવા પા શેર ઘઉંના ડારાની લાપસી તથા બે શ્રીફળનાં નૈવેધ કરવા.

દિવાળીનાં રાત્રે એક શ્રીફળ, સવા પા શેર ઘઉંના ડારાની લાપસી, ઘઉંની ઘી નાં મોણવાળી, હથેળી પર થેપી, ઘીમાં શેકેલ ૬૪ પૂરીઓ બનાવી તેની સાત-સાત થપ્પી ઉપર લાપસી મૂકી નૈવેધ કરવા.

મહાસુદ સાતમનાં બપોરે પા શેર ડારાની લાપસી તથા એક શ્રીફળનાં નૈવેદ્ય કરવા તથા સાત બુધ્ધભટ્ટી ભાઈઓનાં ઘેરથી સાત ધાન માંગી લાવી તેને નૈવેધ સમયે માતાજી પાસે મૂકવું.

મહાસુદ ચૌદસનાં બપોરે માંગેલ સાત ધાન દળાવી તેનાં મોળાં રોટલા બનાવી, લાપસી તથા રોટલાંનાં નૈવેધ કરવા. વધેલો પ્રસાદ સાંજ પહેલાં ગાયને આપવો.

હોળીનાં સાંજે સવા પા શેર ડારાની લાપસી તથા એક શ્રીફળનાં નૈવેધ કરવા.

ચૈત્ર સુદ બીજનાં સાંજે સવા પા શેર ડારાની લાપસી તથા એક શ્રીફળનાં નૈવેધ કરવા.

ચેત્ર સુદ આઠમનાં બપોરે પા શેર ડારાની લાપસી તથા એક શ્રીફળનાં નૈવેધ કરવા.

અષાઢ સુદ બીજનાં સાંજે પા શેર ડારાની લાપસી તથા એક શ્રીફળનાં નૈવેધ કરવા.

- **પુરસાદાદાનાં નૈવેદ્ય :**

બુધ્ધભટ્ટી ગૌત્રનાં સમસ્ત ગૌત્ર બંધુઓ દ્વારા કારતક સુદ ચૌદસે, પુરસાદાદાનાં 'ભાનાડા' મધ્યે આવેલ સ્થાનકે નૈવેધ કરવામાં આવેલ છે. જેમાં જોડ દીવા (બે દીવા) કરી, સેકેલી લાપસી તથા છ ચણાંનાં લોટનાં થેપલાનાં નૈવેધ કરવા. એક થેપલો અને લાપસી ધૂપમાં અને પાંચ થેપલા ઉપર લાપસી મૂકી કાંસાની થાળીમાં ધરાવવા. પુરસાદાદાનાં સ્થાનકે ન પહોંચી શકાય તો ઉપર મુજબનાં નૈવેધ પાણિયારે કરવા.

આસો વદ ચૌદસે (કાળી ચૌદસે) પુરસાદાદાને સિંદૂર ચડાવવામાં આવતું નથી.

- **ખેતરપાળદાદાનાં નૈવેદ્ય :**

આસો વદ ચૌદશે (કાળી ચૌદશે) રાત્રે જાડી ભાખરી શેકી, કૂટી, ગોળ-ઘી ભેળવી ચુરમો કરવો તથા સવા પા શેર કાળા તલ કૂટી ગોળ ભેળવી ચુરમો કરવો. ઘઉં તથા તલનો ચુરમો તથા એક શ્રીફળનાં નૈવેધ કરવા.

કારતક સુદ પાંચમનાં સવારે નવા ચોળા અથવા મગ સવા પવાલો બાફી તથા કાળા તલનાં નૈવેધ કરવા.

શ્રાવણ સુદ પાંચમનાં સવારે પા શેર લોટની ભાખરી તથા પા શેર કાળા તલનો ચુરમો તથા એક શ્રીફળનાં નૈવેધ કરવા.

- **શ્રીમંતનાં નૈવેદ્ય :**

સવા પા શેર લાપસી, સવા પા શેર કાળા તલનો ચુરમો, ઘઉંની પા શેરની ભાખરીમાંથી બનાવેલ ચુરમો, પા શેર સફેદ જુવાર તથા એક જમણી, એક રાતીરા ગજની સાથે બે રૂપિયા, એક સૂકું શ્રીફળ માતાજી પાસે મૂકવું. અને નૈવેધ કરવા.

જયારે બાળક દોઢ માસનું થાય ત્યારે શ્રીમંતનાં નૈવેધ સમયે જે બે રૂપિયા માતાજી પાસે મૂક્યા હોય તેમાં ખૂટતાં પૈસા નાખી શ્રીફળ લેવું અને પા શેર અથવા વધારે લાપસી કરી પાણિયારે નૈવેધ કરવા.

- **બાલ મુંડનનાં નૈવેદ્ય :**

ગણેશ સ્થાપના : બાજોઠ પર કોરું સફેદ કાપડ પાથરી ગોળ-ઘી મૂકી ગણેશજી પધરાવવા અને વડી મૂકવી.

પા શેર ચોખા, પા શેર ડારાની લાપસી, પા શેર જુવાર ને રાંધવું. શ્રીફળ, ચાર પુરી રાખી, માય ભાણ, ચાર સરખા રાખવા. ચાર-ચારની થપ્પી કરી મિક્ષ કરીને નૈવેધ કરવા.

બે માયમાટલા રાખવા જેમાં એક માટલામાં ૪૯ પૂરી, સાત માતરિયા લાડવા (ગોળ-પાપડીની રીતનાં) રાખવા અને બીજામાં સફેદ કોરું કપડું સવા ગજ, એક શ્રીફળ, સફેદ જાર પા શેર, સવા પાલી ખારેક અથવા સીંગ, રૂપાની મોર અથવા સવા રૂપિયો મૂકવા. આ માયમાટલા મુંડન વિધિ બાદ નિયાણીને આપવા.

- **લગ્ન (માંડવા)નાં નૈવેદ્ય :**

મુંડન નૈવેધ પ્રમાણે જ બે માય-માટલા તૈયાર કરવા. તે ઉપરાંત એક શ્રીફળ, સવા શેરની લાપસી, સવા શેર ઘઉંના લોટની ભાખરીનાં ચુરમાનાં લાડવા, પા શેર સફેદ જુવાર બાફેલીમાં કાળા તલ, પા શેર ગોળ મેળવી માતાજી પાસે મૂકી નૈવેધ કરવા.

***નોંધ :-*** બુધ્ધભટ્ટી ગૌત્રમાં વહુનું શ્રીમંત સાત મહિના બાદ કરવું. શ્રીમંત બાદ વહુ માવિત્રિ જઈ શકે છે અને દિકરી પણ માવિત્રે આવી શકે છે. શક્ય હોય ત્યાં સુધી રજોધર્મ-નિયમ પાળવો જ જોઈએ અને આવશ્યક હોય તો વર્ષમાં એક વખત શાન્તિપાઠ કરાવવો પણ શાસ્ત્રીપાઠ ન થાય તો સારૂં. એમાં તકલીફ થઈ શકે છે.

માર્ગદર્શન : કચ્છ લોહાર જ્ઞાતિ પ્રમુખ તથા લોહાર જ્ઞાતિનાં ૬૮ વર્ષીય ભોપા, માંડવીના રહેવાસી શ્રી રસીકભાઈ દામજીભાઈ લોહાર.

***પ્રેષક : સોની કાંતિલાલ નારણજી બુધ્ધભટ્ટી***
***૨૯૨, ચકરાવા પાછળ, નયા અંજાર (કચ્છ).***
***ફોન નં : ૨૪૨૦૪૦.***

# મહિલા વિભાગ

## નારી તું નારાયણી

નારી એટલે 'અબળા'. ખૂબ જ વર્ષો પહેલા ગવાઈ ગયેલ શબ્દ છે. પરંતુ આજના જમાનામાં નારી એ અબળા નથી પરંતુ 'સબળા' છે. આપણા સમાજની નારી એ તો ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ છે, જોઝાબાઈ કે ઈંદીરા ગાંધી છે. તેનામાં કાંઈક પણ કરી બતાવવાની ક્ષમતા છે. તે બે કુળને તારનારી છે, નહીં કે પુરૂષના પગની પાની. કારણકે આજનો પુરૂષ એ સ્ત્રીની બુધ્ધિને પગની પાની જેટલી આંકે છે પરંતુ સ્ત્રી એ એવી છે, જે ધારે તો તારે નહીંતર ડૂબાડે. સ્ત્રીને તો એક ઝળહળતા દીપક સાથે સરખાવવામાં આવી છે કારણકે તે બંને કુળને તારનારી છે. દીકરી જયારે સાસરે જાય છે ત્યારે તેને ઘરના ઓસરીની દીવાલ પર કંકુના થાપા લગાડવામાં આવે છે અને તે એવું સાબિત કરે છે કે હું ભલે પારકાને પોતાના કરવા જતી, પરંતુ હજી પણ આ ઘર સાથે મારા લોહીના સંબંધ છે. જયારે પિતા તો તેને 'પારકી થાપણ' સમજીને વિદાય કરે છે અને સાસરામાં તો તેને પારકી જાઈ સમજવામાં આવે છે. અને વારંવાર દહેજ વિશેના મહેણા ટોણા મારીને પરેશાન કરવામાં આવે છે. સાસરા પક્ષમાંથી પણ તેણીને જાકારો આપવામાં આવે છે. આમ ફરીથી પાછી દીકરી પિયરે પાછી આવે છે. ત્યારે તેના માતા-પિતા તેને કહે છે કે 'બેટા, અમે તને આપી અમારા ધર્મે અને તું ખાજે તારા કર્મે.' આવું કહીને પિયર પણ તેને સાસરે પાછી મૂકે છે. આમ બંને પક્ષ તરફથી જાકારો મળતાં તે અંતે આત્મહત્યા કરવા પ્રેરાય છે. આમ જે બંને કૂળને તારનારી છે, જેને ઝળહળતા દીપક સાથે સરખાવવામાં આવે છે તે જ દીવાને પ્રકાશ ફેલાવવાનો મોકો મળે તે પહેલા જ તેને બુઝાવી દેવામાં આવે છે. આમ સ્ત્રીને ઘણા બધા અત્યાચારો સહન કરવા પડે છે પરંતુ સ્ત્રીનું શોષણ કરવાવાળો આપણો સમાજ એ નથી વિચારતો કે સ્વયં લક્ષ્મીજી પણ ત્યાંજ નિવાસ કરે છે, જ્યાં સ્ત્રીનું સન્માન થાય છે. આપણા શાસ્ત્રમાં પણ એવો ઉલ્લેખ છે કે :

*यत्र नारी पूजन्ते,*
*तत्र रमन्ते देवता ।*

આજે અલગ જ જમાનો આવી ગયો છે. સ્ત્રી દરેક ફિલ્ડમાં આગળ છે. તે પુરૂષને પણ આંબી જાય છે. હવે તે પહેલાના જમાનાની સ્ત્રીની જેમ દુઃખને સહન નથી કરતી પરંતુ તેનો પડકાર કરે છે કારણકે તે હવે આગળ આવી ગઈ છે. તેનામાં હિંમત આવી ગઈ છે. તે એવું વિચારે છે કે દુઃખને છુપાવવા કરતાં તો દુઃખને સહન કરવું વધારે પાપ છે અને તેનો પડકારરૂપ સામનો કરીને પોતાના લક્ષ્ય તરફ આગળ વધવું જોઈએ.

'સ્ત્રી અને ઈસ્ત્રી' જો વધુ ગરમ થઈ જાય તો બંને દઝાડે છે કેમકે જયારે ઈસ્ત્રી વધુ ગરમ થાય છે ત્યારે તે કપડાને દઝાડી દે છે અને સ્ત્રી જયારે ગરમ થાય છે ત્યારે તે તેને હર્યાભર્યા સંસારને આગ લગાવી દે છે. આમ સંસારને દઝાડનારી કે માતૃત્વની ઝંખના કરીને શીતળતા આપનારી એ વ્યક્તિ સ્ત્રી જ છે. તેના દ્વારા જ સમાજની પ્રગતિ છે. આજે સમાજમાં સ્ત્રીને ઊંચો દરજ્જો આપવો જોઈએ. તેનું સન્માન થવું જોઈએ. જે સમાજમાં સ્ત્રીનું માન જળવાતું હશે ત્યાં દેવતાઓનો પણ નિત્ય વાસ હશે અને તે પ્રસન્ન રહેશે અને જે સમાજની દેવી સમાન સ્ત્રી અને દેવતા ખુશ હશે તે સમાજની પ્રગતિની તો શું વિસાત હશે - તેની કલ્પના પણ કરવી મુશ્કેલ છે. કારણકે નારી એ તો નારાયણી છે. તે પારસમણિ છે. જેમ લોખંડને પારસમણિ અડે તો તે સોનું બની જાય છે તેમ દેવી સ્વરૂપ નારી નર પુરૂષના સંપર્કમાં આવે તો તે નારાયણ બની જાય છે.

***દક્ષા રાજેશ પોમલ - કોઠારા***

## અમદાવાદ જ્ઞાતિ

### કારોબારી સમિતિ ૨૦૦૬-૨૦૦૯

| *નામ* | *હોદ્દો* | *સંપર્ક* |
|---|---|---|
| મનુભાઈ વિઠ્ઠલદાસ કોટડીયા | પ્રમુખ | મો. ૯૪૨૬૬ ૯૪૨૭૭ |
| ગીરીશ કાંતિલાલ બારમેડા | ઉપ પ્રમુખ | મો. ૯૮૨૪૦ ૬૩૯૭૦ |
| અતુલ શંકરલાલ સોની | મંત્રી | મો. ૯૮૨૫૦ ૩૦૧૪૦ |
| જયેશ કલ્યાણજી ઘડિયાળી | સહમંત્રી | મો. ૯૮૨૪૦ ૪૮૪૮૭ |
| રાજેન્દ્ર કાંતિલાલ સોની | ખજાનચી | મો. ૯૪૨૬૦ ૭૭૫૭૧ |
| જયમીન જેઠલાલ સોની | સહ ખજાનચી | મો. ૯૮૨૪૫ ૪૬૬૫૦ |
| તુલસીદાસ લક્ષ્મીદાસ કંસારા | કારોબારી સભ્ય | મો. ૯૮૨૫૦ ૮૨૬૩૯ |
| સૂર્યકાન્ત મોહનલાલ સોની | કારોબારી સભ્ય | મો. ૯૮૨૫૫ ૦૬૫૦૫ |
| રમેશભાઈ વેલજીભાઈ સોની | કારોબારી સભ્ય | મો. ૯૮૨૫૭ ૧૧૫૨૫ |
| પ્રશાંત શાંતિલાલ બીજલાની | કારોબારી સભ્ય | મો. ૯૮૨૪૦ ૮૧૪૯૩ |
| કનુભાઈ નટવરલાલ બીજલાની | કારોબારી સભ્ય | ફોન : ૩૨૫૨૧૮૭૫ |
| કિરીટ વિઠ્ઠલદાસ કંસારા | કારોબારી સભ્ય | મો. ૯૮૨૪૬ ૦૩૦૬૯ |
| ગોપાલભાઈ શામજીભાઈ સોની | કારોબારી સભ્ય | મો. ૯૮૨૫૩ ૯૫૪૬૪ |
| હેમલ હરિલાલ સોની | કારોબારી સભ્ય | મો. ૯૮૭૯૫ ૩૦૮૫૩ |
| પ્રશાંત રમેશભાઈ મૈયા | કારોબારી સભ્ય | મો. ૯૯૯૮૦ ૪૬૨૪૬ |
| દિલીપ જેઠાલાલ સોની | કારોબારી સભ્ય | મો. ૯૮૨૫૮ ૮૭૦૯૧ |

# ભાવતાં ભોજન

સુધાબેન બુધ્ધભટ્ટી - ભુજ

## *ચાઈનીઝ ડિશીસની વિશેષતા*

ચાઈનીઝ ડિશમાં શાકભાજી ઝીણા અથવા લાંબા પાતળા સમારાય છે, તેમજ તેમને બરફના પાણીમાં રાખવામાં આવે છે જેથી વાનગી તરત જ ચઢી જાય છે. અહીં શાક ફુલ તાપે રાંધવામાં આવે છે જેથી તે શાકભાજીના કુદરતી રસો જાળવી રાખે છે.

અજીનો મોટો એ ખુબજ અગત્યની સામગ્રી છે તેનાથી કુદરતી સોડમ જળવાઈ રહે છે. ત્યારબાદ ફણગાવેલા મગ, ફણસી, બામ્બુ શુટસ વગેરેનો ઉપયોગ થાય છે. રૂઢિગત ચાઈનીઝ મેનુ ભાત અથવા નુડલ્સ સાથે સુપ અથાણું અને બીજી પુરક વાનગીઓ પીરસાય છે. સોયાસોસ, ચીલીસોસ, વિનેગર, વિનેગરમાં આથેલા મરચા વગેરે તેના પુરક સોસ છે.

ચાઈનીઝ લોકો તેનું ખાણું ચોપ્સીથી આરોગે છે. ચોપ્સી, સ્પ્રિંગ રોલ, મંચુરીયન, ચાઉચાઉ, ચોપ્સી તેમજ ફ્રાઈડ રાઈસ તેમની પૂરક વસ્તુ છે.

### વેજ ચોપ્સી

***સામગ્રી :*** ૧ પેકેટ હકા નુડલ્સ, ૨ ટે. સ્પુન સોયાસોસ, ૨ ટે. સ્પુન ચીલીસોસ, ૫ ટે. સ્પુન ટામેટા સોસ, ૩ ટે. સ્પુન વિનેગર, ૨૫૦ ગ્રામ કોબી, ૧૦૦ ગ્રામ કેપ્સીકમ, ૨ ડુંગળી, ૧૦૦ ગ્રામ ફણસી, ૧૦૦ ગ્રામ ગાજર, ૨૫ ગ્રામ મકાઈ કોર્ન ફ્લોર, ૨ ટે. સ્પુન તેલ, ૩ ગ્લાસ પાણી, ઓરેન્જ કલર, અડધી ટી સ્પુન ખાંડ, ૨ ટે. સ્પુન તેલ, અજીનો મોટો.

***બનાવવાની રીત :*** સૌ પ્રથમ તેલ ગરમ મુકી તેમાં ઝીણા સમારેલા શાકભાજી ૫ મિનિટ સાંતળવા. ત્યારબાદ તેમાં ઝીણો સમારેલો કેપ્સીકમ અને અજીનો મોટો નાખવો. સોયાસોસ, ટામેટાસોસ, ચીલીસોસ, વિનેગર નાખી કોર્નફ્લોર ઓગાળેલું પાણી નાખવું. તેમાં ઓરેન્જ કલર, ખાંડ અને બાફેલી મકાઈ નાખી ૫ મિનિટ રાંધવું. ત્યારબાદ તેમાં બાફેલા નુડલ્સ નાખવા અને ૨ મિનિટ રાંધી ઉતારી લેવું. સર્વ કરતી વખતે કોથમીર તેમજ તળેલા નુડલ્સ નાખી ખાવાના ઉપયોગમાં લેવા.

### સ્પ્રિંગ રોલ

***સામગ્રી :*** ૨૫૦ ગ્રામ મેંદો, ૨ ટે.સ્પુન રવો, ૨ ટે.સ્પુન તેલ, પ્રમાણસર મીઠું, તળવા માટે તેલ.

***પુરણ ભરવા માટે :*** ૧૦૦ ગ્રામ ફણસી, ૧૦૦ ગ્રામ ગાજર, ૧૦૦ ગ્રામ કોબી, ૧૦૦ ગ્રામ કેપ્સીકમ, ૧૦૦ ગ્રામ બાફેલા નુડલ્સ, અડધી કટોરી ફણગાવેલા મગ, ડુંગળી, ૧ ટે.સ્પુન સોયાસોસ, ૧ ચમચી અજીનો મોટો, ૨ ટે. સ્પુન તેલ, મીઠું, ૧ સ્પુન ચીલીસોસ, ૧ સ્પુન લાલ મરચું, તળવા માટે તેલ.

***બનાવવાની રીત :*** શાકની ઉભી પાતળી ચીરી કરો અને તેને ૨ કલાક બરફના પાણીમાં રાખો જેથી શાક કડક રહેશે. ત્યારબાદ તેલ ગરમ કરી શાક નાખી દો. અજીનો મોટો નાખી ફાસ્ટ તાપે ૪ થી ૫ મિનિટ થવા દો. ત્યારબાદ બાફેલા નુડલ્સ, સોયાસોસ, ચિલીસોસ, મરચું મીઠું નાખી બે મિનિટ થવા દો. નીચે ઉતારી પુરણને ઠંડુ થવા દો. (નુડલ્સમાં લાંબી સળી વાળા નુડલ્સ લેવા. જો તે ના હોય તો મેગી નુડલ્સ તેમજ તેનો મસાલો પણ નાખી શકાય.)

લોટમાં રવો, મીઠું તેમજ મોણ નાખી પુરી જેવો લોટ બાંધવો. પુરી જેવું વણી ઉપર શાકનું મિશ્રણ પાથરી રોલ્સ વાળો (પુરણને પુરીની એક સાઈડમાં પાથરવું જેથી પુરીની બીજી સાઈડથી ફોલ્ડ કરી શકાય.) પુરીની કિનારી પર પાણી લગાવી પુરો રોલ્સ બનાવો. કિનારીની બંને સાઈડ દબાવવું જેથી પુરણ નીકળે નહીં. ત્યારબાદ ગરમ તેલમાં તળી ૧ ઈંચના ટુકડા કરો અને ગરમ પીરસો. સ્પ્રિંગ રોલ્સને ચીલીસોસ તેમજ વિનેગરવાળા મરચા સાથે પીરસો.

### વેજ. મંચુરીયન

***સામગ્રી :*** ૧૦૦ ગ્રામ નુડલ્સ, ૧૦૦ ગ્રામ ફણસી, ૧૦૦ ગ્રામ ગાજર, ૨૫૦ ગ્રામ કોબીજ, ૧૦૦ ગ્રામ કેપ્સીકમ, ૩ લીલી ડુંગળી, ૭ થી ૮ નંગ બ્રેડ અથવા ૧ ટે. સ્પુન મેંદો, મીઠું પ્રમાણસર, ૪ સ્પુન મરચું, ૧ સ્પુન અજીનો મોટો, તળવા માટે તેલ, ૨ સ્પુન સોયાસોસ, ૨ ટે. સ્પુન ચીલીસોસ, ૨ ટે. સ્પુન તેલ, ૪ થી ૬ કળી લસણ લીંબુ.

***સોસ માટે :*** ૧ કટોરી ટામેટા સોસ, ૧ ટે. સ્પુન ચીલીસોસ, મીઠું પ્રમાણસર, ૨ કટોરી પાણી, ૧ ટે. સ્પુન વિનેગર, ૧ ટે. સ્પુન વિનેગર, ૧ ટે. સ્પુન કોર્નફ્લોર, વાટેલું લસણ, ૧ ટે. સ્પુન ખાંડ, ૨ ટે.સ્પુન માખણ.

***બનાવવાની રીત :*** ફણસી અને ગાજરની લાંબી પટી કાપો અને બરફના પાણીમાં રાખો. કોબીજને પણ ઝીણી સમારી ઠંડા પાણીમાં રાખી એવી રીતે કેપ્સીકમને પણ લાંબી પાતળી સળી કાપી પાણીમાં રાખવી. ડુંગળીને ઝીણી સમારો. નુડલ્સને ઉકળતા પાણીમાં ૧ સ્પુન તેલ નાખી બાફી નિતારી તેની પર ઠંડુ પાણી રેડી કાણાવાળા વાસણમાં કાઢી લો.

ત્યારબાદ પહોળા વાસણમાં ૧ ટે. સ્પુન તેલ ગરમ કરી તેમાં ફણસી, ગાજર અને અજીનો મોટો ઉમેરી ૫ મિનિટ રાંધો. કોબીજ તેમજ કેપ્સીકમ તેમજ નીલી ડુંગળી ઉમેરી ૫ મિનિટ રાંધો. પાણી બળી જાય એટલે નીચે ઉતારી લો. બ્રેડને પાણીમાં નીચોવી શાકમાં નાખો. ત્યારબાદ નુડલ્સ મીઠું તેમજ અન્ય નવા મસાલા નાખી બરોબર મીક્સ કરો અને તેના મધ્યમ સાઈઝના ભજીયા ગરમ તેલમાં તળો.

***સોસ માટે :*** કોર્નફ્લોરને થોડા પાણીમાં ઓગાળી ટામેટાના રસમાં ભેળવી દો તેમજ મીઠું, ઝીણુ લસણ સમારેલું, થોડું સોયાસોસ, ચીલીસોસ, લાલમરચું નાખી ઘટ પેસ્ટ તૈયાર કરો. માખણને ગરમ કરી ટામેટાની પેસ્ટ તેમાં નાખો આ રીતે સોસ તૈયાર કરો.

***સર્વ કરવા માટે :*** તળેલા મંચુરીયનને ઉંડી પ્લેટમાં ગોઠવી તેના પર ગરમ સોસ રેડી તરત જ સર્વ કરવું.

With Best Compliments From

# ધવલ જ્વેલર્સ

સોના-ચાંદીના દાગીના ઓર્ડર મુજબ બનાવનાર
તથા દરેક ગ્રહોના નંગ વેચનાર

રાજેન્દ્ર કાંતિલાલ સોની
ધવલ રાજેન્દ્રભાઈ સોની

૧૪, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : (૦૭૯) ૨૨૧૪૪૦૦૮ ● મોબાઈલ : ૯૪૨૬૦ ૭૭૫૭૧

# જ્ઞાતિ પ્રતિભા

## શ્રી ઝવેરીલાલ શીવજીભાઈ બુધ્ધભટ્ટી

*આ અંકથી આપણા દેશ-વિદેશમાં વસતા પ્રતિભાસંપન્ન જ્ઞાતિજનો વડીલ ભાઈઓ અને બહેનોના પરિચયનો ખાસ વિભાગ શરૂ કરવામાં આવે છે. વિભિન્ન શહેરો, ગામડાઓમાં આપણા યુવા જ્ઞાતિજનોને ખાસ વિનંતી છે કે એમની આસપાસ જાણ હોય તેવી વડીલ વ્યક્તિનો સંપર્ક કરી એમની વિગતો એકત્ર કરી; સાથે વડીલની તસવીર વિગેરે મળે તો તેમજ તેમની પ્રતિભા ઉજાગર કરે તેવી કોઈ ખાસ વિગત, તસવીર વિ. હોય તો તેની સાથે એમનો જન્મ, વ્યવસાય, અભ્યાસ અને વિશિષ્ટતા વિ. બાબતો શ્રી અતુલ સોની, સહતંત્રી, સેતુ જેઓશ્રી જ્ઞાતિમંડળ - અમદાવાદના મંત્રી તેમજ મહામંડળના પણ મંત્રી છે તેમને સીધી મોકલાવવા વિનંતી છે. તેમજ તમારા વિસ્તારના પ્રતિભાશાળી બાળકો, યુવાનો / યુવતીઓની વિગતો પણ જરૂરથી મોકલશો. આવી વિગતો સમાજનું ગૌરવ વધારે છે, લોકોને પ્રેરણા આપે છે અને જેમનો પરિચય અપાય તેમને પ્રોત્સાહન મળે છે.*

*– મુખ્ય તંત્રી*



માતા સરસ્વતીના જેમના શિરે ચાર હાથ છે તેવા એક સિદ્ધહસ્ત કલાકાર આજે કચ્છની સાથેજ માતા સરસ્વતીના આર્શીવાદ લઈને આ ધરતી પર અવતરે છે. સાચા કલાકારની આંગળીઓમાંથી જાદુ નીતરે છે. યુનિવર્સિટીઓની ડિગ્રીઓ પણ જેમની પાસે ઝાંખી પડે એવા અવનવા, અનોખા કલાકારોના જ્યારે દર્શન થાય અને તેમની કલાનો જ્યારે આપણી આંખો સ્પર્શ કરે ત્યારે સાચો કલાપારખુ જીવનની ધન્ય પળોમાં મહાલતો હોય તેવું જ લાગે. આવા જ એક, માત્ર પેન્સીલના ટૂકડાથી કાગળ પર ચિત્રો બનાવતા નિજાનંદી કલાકારમાં આશાપુરા અને ભગવાનશ્રી સ્વામિનારાયણના પરમ ભક્ત અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કચ્છના બે કલાકારો ભુજના એલ.એમ.પામેલ (ફોટોગ્રાફી) અને એલ.સી.સોની (ચિત્રકલા)ના સહોદર સમા ઝવેરીલાલભાઈની ચિત્રકલાના આપણે દર્શન કરીએ ત્યારે જ તેમની કલાની સાચી પરખ થઈ શકે.







સફેદ કાગળના ટૂકડાઓ ઉપર ઝવેરીલાલભાઈની ઓગળીઓની વચ્ચે દબાયેલા પેન્સિલના ટૂકડામાંથી કલા જાણે કે નિતરતી હોય એવું તેઓ જ્યારે ચિત્રને શેડ આપતા હોય ત્યારે લાગ્યા વગર રહેતું નથી.

ઝવેરીલાલભાઈએ બનાવેલા પોર્ટ્રેઈટ ચિત્રો તેમની કલાની સાચી પીછાણ કરાવે છે. કેમેરામાં ક્લીક કરેલો ફોટો આપણને જે ઝડપે મળે તેનાં કરતાં પણ વધુ ઝડપે તેમની આંગળીઓ પોર્ટ્રેઈટ ચિત્રો બનાવે છે. તેઓ ગમે તેવા નાના ચિત્રો ઉપરથી મોટી સાઈઝનો આબેહુબ ચિત્ર સહજતાથી બનાવી શકે છે.

આજે ૮૪ વર્ષની જૈફ વયે કબીરવડ જેવા વિશાળ કુટુંબના વાત્સલ્યસભર વાતાવરણ વચ્ચે આનંદ અને ઉલ્લાસથી જીવતા ઝવેરીલાલભાઈએ એલીમેન્ટરી અને ઈન્ટર મીડીયેટ ડ્રોઈંગની પરીક્ષાઓ સને ૧૯૩૬માં પસાર કરી છે.

ભૂકંપ બાદ બળદીયા ખાતે ૩૫ વર્ષ પૂર્વે છોડેલું ચિત્રકામનું પુનઃ પ્રારંભ કર્યું. કુટુંબીજનોથી માંડી ગાંધીજી, સુભાષચંદ્ર બોઝ જેવાં નેતા, અમિતાભ, ઐશ્વર્યા, કાજોલ જેવા ફિલ્મ કલાકાર, તો "પ્રેરણા" જેવા ટી.વી. કલાકારો સુધીનાં હુબહુ ચિત્રો ફક્ત બે દિવસમાં બનાવી શકે અને તે પણ વિના ચશ્માએ. 2B/3B/4B/6B જેવા વિભિન્ન શેડવાળી પેન્સિલ અને સફેદ ડ્રોઈંગ શીટ દ્વારા બનેલ આવાં ચિત્રોનાં નિર્માણકાર્યનો

વારસો તેમનાં પૌત્રી બિંદુબેન સંભાળી રહ્યાં છે.

જ્ઞાતિજનોને ચિત્રકળા શીખવાડવા માટે તત્પર અને નિમંત્રણ પાઠવે છે. વાંચન અને જૂની ફિલ્મો તથા નાટકો જોવાનો શોખ ધરાવે છે.

તેઓનાં પિતાશ્રી અને ભાઈશ્રી માવજીભાઈ જ્ઞાતિ કાર્યોમાં અગ્રેસર રહ્યાં હતાં. પરંતુ પોતે ધંધાકીય પ્રવૃત્તિ સિવાય અન્ય કોઈપણ પ્રવૃત્તિથી અલિપ્ત રહ્યાં. પરંતુ રસીકભાઈ અને હર્ષદભાઈ પુત્રોની જ્ઞાતિ કાર્યકરો તરીકે ગણના થાય છે.

પૂરા કુટુંબને સાથે રાખી પરપૌત્ર-પૌત્રીઓ સાથે હસતાં-રમતાં જીવન વિતાવું છું તે સૌથી વધુ આનંદની વાત લેખાવે છે.

તેમના ડ્રોઈંગરૂમમાં લટકતી વિવેકાનંદ, સુભાષચંદ્ર બોઝ, રવિન્દ્રનાથ ટાગોર, વિજયરાજજી બાવા, વલ્લભભાઈ પટેલની છબીઓ તેમની કલાની સુગંધ પ્રસરાવે છે. ચહેરાના હાવભાવ, વાળના શેડને તેઓએ એ રીતે રજુ કર્યા છે કદાચ તે બારીકી કેમેરાના ફોટામાં પણ ન આવે. જીવનમાં નીતિમત્તા અને ધર્મ, ધંધામાં પ્રમાણિકતા, કલામાં પ્રાણ રેડવાની વૃત્તિ અને સદાયે જીવનમાં હસતા રહેવું એ એમના જીવન મંત્રો રહ્યા છે અને તેથી જ સોના ચાંદીના અગ્રણી વેપારી તરીકેની નામના અને માન મેળવેલા છે અને માનો કે તેમના પુત્રૌ, પૌત્ર, પ્રપૌત્રાઓ અને સમગ્ર સંયુક્ત કુટુંબની વ્યક્તિઓમાં દિકરીઓ, દોહિત્રીઓ અને પુત્રવધૂઓ જાણે કે "વસુધૈવ કુટુંબકમ"ની ભાવનાને મૂર્તિમંત કરી રહ્યા છે. જેઓ તેમના પ્રમાણિક જીવન શૈલીનો પડઘો પાડે છે.

ભૂતકાળની વાતો સંભારતા રાજાશાહીની યાદોમાં સરકી જઈને કહ્યું કે મારો જન્મ સને ૧૯૨૩માં થયો તે પછી ૧૯૩૬માં ઈન્ટર મિડીયેટ પરીક્ષા પાસ કરી ખુબ ચિત્રો બનાવ્યા અને બ્રિટીશ ગવર્નમેન્ટ તરફથી સર્ટીફીકેટ મળ્યા. વિજયરાજજી બાવાનાં સમયમાં ભુજમાં યોજાયેલ પ્રદર્શનમાં તે સમયની મશહુર અદાકાર કાનન બાલાનું ચિત્ર તેમણે પ્રદર્શનમાં મૂક્યું. તેને બાવા તરફથી પ્રથમ ઈનામ અપાયું સાથે ૪૦-૪૦ કોરીની બે થેલીઓ તથા સર્ટિફિકેટ ભેટ આપ્યા.

લાલજી બગ્ગા, માનસંગ બેચર, કરસનભાઈ લાલજી પોમલ, ગંગરાય પોમલ, ચુનીભાઈ જેવા જૂના મિત્રોને યાદ કરતાં ઝવેરીલાલભાઈ ગળગળા થતાં જણાવેલ કે એ મિત્રોમાં કલાશક્તિ અદભૂત હતી. આર્ટ સ્કૂલના અભ્યાસ બાદ ઝવેરીલાલભાઈ સોના-ચાંદી ઉપરનું મીનાકામ એન્ગ્રેવીંગ વર્ક, નકશી કામ છેક ૪૦ વર્ષ સુધી કાર્ય કર્યું. સદાય હસમુખા અને સરળ પ્રકૃતિના આ કલાકાર આજે ૮૪ વર્ષની ઉંમરે પણ નિરોગી શરીર અને ચશ્મા વગરની આંખ સાથે ચિત્રોની દુનિયામાં ઓતપ્રોત છે. "દિલ્હી દૂરદર્શન" ઉપરથી તેમના ચિત્રો, પેઈન્ટીંગ રજુ થયા છે. કચ્છના આ સિદ્ધહસ્ત નિરાભિમાન કલાકાર પોતાની કલા આવનારી પેઢીને આપવા માંગે છે.

## લગ્ન વિષયક



**શ્રી જગત ચંદ્રકાંતભાઈ કંસારા** કોમ્પ્યુટર સાયન્સમાં સ્નાતક છે. તેઓશ્રી ઈન્ફોસીસ - પૂણેમાં સોફ્ટવેર એન્જીનીયરપદે કાર્યરત છે. તેઓશ્રી કંપની તરફથી હાલે યુ.એસ.એ. ગયા છે. એમની જન્મ તા. ૩૧-૩-૧૯૮૧. વય ૨૬ વર્ષ, ઊંચાઈ ૫'૪", વજન ૫૫ કિ.ગ્રા. જન્મ અમદાવાદમાં. મૂળ વતન સુરત. એમના પિતા શ્રી ચંદ્રકાંત નગીનદાસ કંસારા, શીબા રેસ્ટોરન્ટમાં મેનેજર છે. પરિવારમાં એમના માતા-પિતા અને બે બહેનો છે. બંને બહેનોનાં લગ્ન થઈ ગયેલ છે. એમને યોગ્ય ભણેલી કન્યાની અપેક્ષા છે. યોગ્ય કન્યાઓના વાલીઓ સંપર્ક કરી શકે છે.

**• સંપર્ક •**

બી/૯, સેક્ટર-૬, નિર્ણય નગર, ઘાટલોડિયા રોડ, અમદાવાદ-૩૮૨ ૪૮૧.

**ફોન : ૨૭૬૨૨૪૦૯, મો. ૯૮૨૫૪ ૫૭૨૮૦.**

# ઉદ્યોગ વ્યવસાય


## નકશી કામ 'કચ્છવર્ક'ની અજોડ કલા

*લગભગ ૧૪ વર્ષ પહેલાં કચ્છમિત્રમાં પ્રકાશિત એક લેખ તેમજ ૧૮ વર્ષ પહેલાં ઈ.સ. ૧૯૮૯ની ૬ જાન્યુઆરીએ મદ્રાસથી પ્રકાશિત, સ્વ. શિવજીભાઈની તસ્વીર સાથેના લેખનો આ સંવર્ધિત સંકલન છે. છેલ્લા દાયકા દરમ્યાન સમયાંતરે સ્થિતિમાં થયેલા સુધારાના સમાવેશ સાથે મૂળ કૃતિના સૌજન્ય સાથે પ્રસ્તુત છે.*

*કચ્છ, કચ્છની કલા સંસ્કૃતિ અને કચ્છની કારીગરી અને કારીગરો પ્રત્યે પૂરા વિશ્વનું ધ્યાન ખેંચાયું છે, ત્યારે આપણે પણ આપણા પ્રતિભાસંપન્ન પૂર્વજો વિશે જાણવું જોઈએ. એમની કળા અને કસબને સમજવી જોઈએ અને શક્ય હોય ત્યારે એમને જગત સમક્ષ મૂકવાના પ્રયાસો કરવા જોઈએ. એ આશયે 'સેતુ'ના વાંચકો સમક્ષ પ્રસ્તુત છે. કચ્છવર્કને જીવંત રાખનાર કલાકાર સ્વ. શિવજીભાઈનો અને એમની કલાનો આછેરો પરિચય. વાંચકોને આવા વૃત્તાંતો મોકલવા વિનંતી.*

*– મુખ્ય તંત્રી*

સમગ્ર વિશ્વમાં કચ્છવર્ક તરીકે વિખ્યાત ધાતુ પર નકશીકામ કરવાની કલા માત્ર કચ્છમાં થાય છે. પણ હવે આ કારીગરી લુપ્ત થવાના આરે ઊભી છે, એમ કહેવામાં અતિશયોક્તિ નહીં ગણાય. આ કામના નિષ્ણાત હતા શિવજીભાઈ મેઘજીભાઈ સોની.




શિવજીભાઈ હવે હયાત નથી પરંતુ એમની કલાકૃતિઓ અને મૃતઃપ્રાય થતી કલા પણ અમર રહેશે. સ્વ. શિવજીભાઈ, કચ્છવર્ક કામના ગણ્યાગાંઠ્યા જાણકાર કસબીઓમાં એક એવા અડીખમ કલાકાર હતા કે તેઓ જીવનના આખરી શ્વાસ સુધી બહુ ઓછું વળતર આપે તેવી, પરંતુ ધીરજની કસોટી કરે તેવી કચ્છવર્કની અદ્‌ભુત કળાને જીવાડી રાખવા ઝઝુમતા રહ્યા. પ્રસ્તુત છે એમની બે તસવીરો. મદ્રાસથી પ્રકાશિત અંગ્રેજી અખબાર 'હિંદુ'એ શિવજીભાઈના કામની નિમ્ન શબ્દોમાં નોંધ લીધી છે. 'હિંદુ' લખે છે કે : 'તદ્દન શાંતિથી હળવે હાથે નાનકડી હથોડી દ્વારા રૂપાની ટ્રે પર ટાંકણું ફેરવતા ગુજરાતના સોની શિવજીભાઈ મેઘજી, આ કામ એમને યાદ પણ નથી કે ક્યારથી કરે છે. એ ટ્રે પર એમણે જ આરખેલી ડિઝાઈન પર બંને હાથ હળવેકથી ફેરવતા શિવજીભાઈને લોકો બસ જોતા જ રહે છે. શિવજીભાઈને તામિલનાડુની રાજધાની મદ્રાસ ખાતે આયોજીત પ્રદર્શનમાં ભાગ લેવાની, રાજયના બીજા ૨૨ કલાકારો સાથે તક મળી હતી. જયાં એમના કસબની ખૂબ પ્રસંશા થઈ હતી.

શ્રી શિવજીભાઈના કસબનું છેલ્લું પ્રદર્શન ભુજના કચ્છ મ્યુઝીયમમાં ૭-૨-૧૯૯૩ના રોજ યોજાયું હતું. ત્યારબાદ માત્ર બે માસમાં જ એમનું તા. ૭-૪-૧૯૯૩ના રોજ ૮૭ વર્ષની વયે અવસાન થયું. ગુજરાત રાજ્ય હસ્તકલા નિગમ એમની કલાકૃતિઓ ખરીદતું, જેની માંગ વિદેશોમાં અધિક રહેતી.

***હવે પ્રસ્તુત છે 'કચ્છમિત્ર'માં પ્રકાશિત શ્રી અનિલ કોઠારીનો લેખ જેમાં કચ્છવર્કના કામની પ્રોસેસ વિગતવાર અપાયેલ છે. જેનું ભાવિ પેઢી માટે ઐતિહાસિક મહત્ત્વ રહેશે.***





ગાંડા બાવળના ઝુંડ વચ્ચે બેઠા ઘાટનું નાનકડું મકાન. પ્રવેશદ્વારના ઉંબરા પર બેઠી ઘાટના ૮૭ વર્ષની જૈફ ઉંમરે શિવજીભાઈ મેઘજી સોની તાંબાના એક લોટા પર કચ્છ વર્કનું નકશીકામ કરી રહ્યા હતા. ફુલવેલ તો અંકાઈ ચૂકી હતી અને એના પર સૂરજ, ચંદ્ર, સાથિયો અને ૐ ની આકૃતિઓ ઉપસાવવાની હતી. એમના સાધનોમાં સિમેન્ટનું એક મોટું ચોસલું, એના પર ગોળાકાર ધાતુના ડબ્બાના કિલ જમાવેલું હતું. એમાં આ લોટાને ગોઠવી શકાય એવા આકારનો ખાડો કરવામાં આવ્યો હતો. લોટામાં પણ કીલ ભરવામાં આવ્યું હતું. રાજન, માટી, રાખ, એરંડીયા તેલ જેવી સામગ્રીને ગરમ કરવામાં આવે છે અને જેના પર નકશી કરવાની હોય એ વાસણમાં એ ભરી દેવામાં આવે છે. એને કીલ કહેવામાં આવે છે. ઠંડું પડતાં એકદમ કઠણ બની જાય છે, જેથી નકશીકામ માટેનું વાસણ ટાંકણા અને હથોડાનો માર સહન કરી શકે અને એમાં ગોબા પડે નહી. નકશી કામ પૂર્ણ થઈ જાય ત્યારબાદ એને ગરમ કરતાં કીલ નરમ પડે છે. જેથી એને સરળતાથી બહાર ઠલવી દેવામાં આવે છે. કચ્છ વર્કના નકશી કામ માટેના સાધનોમાં એક નાનકડી હથોડી અને ચાંપણા, ચોરસી, નખટો, ત્રાંસી, ટાંછણી વગેરે નામે ઓળખાતા નાના કદનાં ડઝનેક ટાંકણા સિવાય બીજું કાંઈ નહીં.

શિવજીભાઈને કામ કરતા જોવા એ પણ એક લ્હાવો છે. ચશ્મા વિનાની તંદુરસ્ત આંખો અને ટાંકણાં પર નાની હથોડી મારતા મારતા સ્થિરતાથી કામ કરતાં એમના હાથને હું જોઈ રહ્યો. ૮૭ વર્ષની વય અને ઘસાતું જતું નાજુક શરીર જોઈને એમ થાય કે, લુપ્ત થઈ રહેલી આ કલાના જાણે શિવજીભાઈ એક પ્રતીક બની રહ્યા છે.


એમણે કહ્યું કે, કચ્છ વર્ક તરીકે ઓળખાતી આ કારીગરી કચ્છમાં પોતાના સિવાય બે છોકરાઓ કરે છે, એક સોનીનો છોકરો અને એક લુહારનો. પણ આ બે જણા માત્ર ચાંદી પર મોટેભાગે આ કામ કરી શકે છે, જ્યારે શિવજીભાઈ ગમે તે ધાતુ આપો – ચાંદી, તાંબુ, પિત્તળ, જર્મન સિલ્વર એના પર આ કામગીરી કરી શકે છે. એમના પુત્ર જયંતીલાલભાઈએ પિત્તળના એક મોટી પિચકારી બતાવી, જેના પરનું નકશીકામ જોઈને, શિવજીભાઈની કલાનો ખ્યાલ આવી શકે. બીજા વાસણો પણ જોયા જેમાં વાટકા, ડીશ, તાસક વગેરે પરની શિવજીભાઈની કલા અંકિત થયેલી હતી. એમણે કહ્યું કે સૌથી મુશ્કેલ કામ પિત્તળ પર નકશી કરવાનું છે. જે પોતે ખૂબ સરળતાથી કરી શકે છે.

ભારત સરકારના વ્યાપાર ખાતાં હેઠળના હસ્તકામનાં વિકાસ માટેના કમિશનના માર્કેટીંગ એન્ડ સર્વિસ એક્સ્ટેન્શન સેન્ટર દ્વારા યોજાયેલ મુંબઈ, મદ્રાસ અને વડોદરાના હેન્ડીક્રાફ્ટ ફેસ્ટીવલોમાં શિવજીભાઈ ભાગ લઈ આવ્યા છે. જ્યાં દેશી વિદેશી પ્રવાસીઓમાં એમની કારીગરીએ સારું આકર્ષણ જમાવેલું. ગુજરાત રાજ્ય હસ્તકલા ઉદ્યોગ વિકાસ નિગમ દ્વારા ૧૯૯૦માં ચાંદીનો ચંદ્રક એમને રાજ્યપાલના હાથે એનાયત થયો હતો. ઉપરાંત ઘણાં પ્રમાણપત્રો એનાયત થયા છે.

૬૫ વર્ષથી આ કારીગરીમાં રચ્યાપચ્યા રહેલા આ કલાકારની નકશીકામની ધાતુની વસ્તુઓ લેવા વિદેશી પ્રવાસીઓ ભુજમાં, એમના ઘર સુધી આવી પહોંચે છે. એટલે કેટલીક વસ્તુઓ પોતે તૈયાર રાખે છે. ઉપરાંત ભુજના અમુક વેપારીઓ પણ દેશવિદેશમાં મોકલવા અમુક નમુનાઓ એમની પાસેથી લે છે. ગુજરાતી ધોરણોનો પ્રાથમિક અભ્યાસ કરનારા આ કલાકારે આપમેળે અંગ્રેજી ભાષા શીખી લીધી છે અને રોજ સવાર સાંજ અંગ્રેજી અખબારનું વાંચન એમની એક આદત બની ગયેલ છે.

આ કચ્છી કારીગરીને જીવંત રાખવા રાજ્ય સરકાર દ્વારા તાલીમ શાળા શરૂ કરવાનું શિવજીભાઈ જરૂરી માને છે, જેથી એને લુપ્ત થઈ જતી બચાવી શકાય.

## વાત એક મોટી, નાના માણસની....



સ્વ. હર્ષિત નરેન્દ્રભાઈ

ઘટના દુઃખદ છે પણ દાખલારૂપ છે. અમદાવાદનાં રાણીપ વિસ્તારમાં પરમસુખ સોસાયટીમાં રહેતા મારૂ કંસારા સોની નરેન્દ્રકુમાર માધવલાલ (કટ્ટા) અમદાવાદની PWD કચેરીમાં નાની નોકરી કરે છે. શ્રી નરેન્દ્રભાઈ પોતે તથા તેમના પત્ની શ્રીમતિ કલ્પનાબેન બંન્ને ફિઝીકલી હેન્ડીકેપ છે. આ દંપતિનો ઘરનો ચિરાગ અને એકમાત્ર સંતાન/કુળદીપક શ્રી હર્ષિત નરેન્દ્રભાઈ (ઉ.વ.૧૪)નું તા.૨૧-૮-૨૦૦૬નાં રોજ સ્નાયુનાં અસાધ્ય રોગને કારણે અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયું. શ્રી નરેન્દ્રભાઈ તથા શ્રીમતિ કલ્પનાબેનનું જીવન અંધકારમય બની ગયું. આવા અસહ્ય સંજોગોમાં પણ આ દંપતિએ હિંમતભર્યું પગલું લઈ, પોતાના અંધકારમય જીવનને, અન્યોનાં જીવન રોશનીમય બનાવવાનાં હેતુથી સ્વર્ગસ્થ પુત્રનાં ચક્ષુનું દાન કરી ઉદાહરણ રૂપ દાખલો બેસાડેલ છે. એના આ દાનથી બે વ્યક્તિનાં જીવનના અંધારા ઉલેચાશે. એમના જીવનમાં પ્રકાશ પથરાશે.

શ્રી હર્ષિત અમદાવાદની-રાણીપની મ્યુનિ. સાર્વજનિક સ્કુલમાં ધો.૧૦માં અભ્યાસ કરતો હતો અને અભ્યાસમાં હોંશિયાર ત્થા સ્વભાવમાં સરળ અને પ્રેમાળ હતો. તે સ્કુલમાં તેમજ કોલોનીમાં સર્વેને પ્રિય હતો. પ્રભુ તેમના પવિત્ર આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના એ જ તેને સાચી અંજલી...

*પ્રેષક : કાંતિલાલ હેડાઉ - રાજકોટ*

# બાળ વિભાગ

કિશોર એન. સોની, (એમ.એ., એમ.એડ.), મ.શિ. ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ, ભુજ (કચ્છ)

## બોર્ડની પરીક્ષા - નો ટેન્શન !

*વિદ્યાર્થીમિત્રો,*

તમે સૌ ધો. ૧૦ (S.S.C) અથવા ધો.૧૨ (H.S.C) ની માર્ચ-૨૦૦૭ની પરીક્ષા આપવાના છો ત્યારે સૌપ્રથમ સૌને ઝળહળતી સફળતાની શુભેચ્છા સાથે નીચેની માર્ગદર્શક વિગતો રજૂ કરું છું. જે તમને જરૂર ઉપયોગી થશે. તમે તમારી શૈક્ષણિક કારકીર્દિના બહુ જ અગત્યના વર્ષમાં છો. યાદ રાખો કે કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી, અને સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવ ન્હાય! આડેધડ શ્રમ નહિં પરંતુ પદ્ધતિસરની મહેનત અવશ્ય ઉત્કૃષ્ટ પરિણામ લાવવામાં ઉપયોગી થશે.

બોર્ડની પરીક્ષાને લગતી સૂચનાઓ કે પૂર્વતૈયારીને બે વિભાગમાં વહેંચી શકાય. (૧) પરીક્ષાલક્ષી સામગ્રીની તૈયારી અને ઉતરપત્ર લખવાની સમજ તથા (૨) પરીક્ષા સમયની શારીરિક - માનસિક સ્વસ્થતા. અત્યારે આપણે પહેલા વિભાગની ચર્ચા કરીશું.

★ ડિસેમ્બર માસ સુધીમાં લગભગ બધી જ શાળાઓમાં તમામ વિષયોના અભ્યાસક્રમ પૂર્ણ થઈ જાય છે. ત્યારે એવી અપેક્ષા રાખી શકાય કે તમે સૌ અભ્યાસક્રમથી પરિચિત છો. તમને અઘરા લાગતા વિષયોનાં વિષયવસ્તુના મુદ્દાઓ તમે જાણો છો. તો તેની અલગથી યાદી બનાવી પુનરાવર્તન, દઢીકરણ કે છેવટે શિક્ષકના વધુ માર્ગદર્શન વડે શીખી શકાય છે. તમે તમારી જાતમાં વિશ્વાસ રાખો, કારણ કે જે અન્યને આવડે છે તે તમને પણ આવડી શકે છે.

★ પ્રિલીમીનરી પરીક્ષા બાદ બધા વિષયોના પ્રતિષ્ઠત શાળાઓના પેપરસેટ બહાર પડે છે. કોર્સ થયા બાદ અને પ્રિલી. પરીક્ષા બાદ સૌથી મહત્વનું કાર્ય છે આવા પેપરસેટ સોલ્વ કરવા. દરેક વિષયના ઓછામાં ઓછા દસ-દસ પ્રશ્નપત્રો લખો, જેથી તમામ વિષયોના પેપર સ્ટાઈલની બરાબર સમજ મળે.

★ પરીક્ષા આપતી વખતે સૌથી અગત્યનું છે 'TIME-MANAGEMENT' (સમયનું આયોજન). ઘણા વિદ્યાર્થીઓની ફરિયાદ રહે છે કે પરીક્ષામાં તેમને સમય ઓછો પડે છે, પેપર અધૂરૂં રહી જાય છે. તો તમારે પેપર સોલ્વ કરતી વખતે કયા પ્રશ્નને કેટલો સમય લાગે છે, અને ક્યા પ્રશ્નને કેટલો સમય ફાળવવો તેનું આયોજન અગાઉથી કરી લેવાનું છે. પ્રેક્ટીસ વખતે બોર્ડની જ પરીક્ષા આપતા હો તે રીતે પેપર લખવા બેસો. ૧૫ મિ. પ્રશ્નપત્ર વાંચવા માટે તથા ત્રણ કલાકનો સમય લખવા માટે ફાળવી સમયનું આયોજન કરો. પરીક્ષા દરમિયાન પત્રકમાં સહી કરવી, બારકોડ સ્ટીકર અને ખાખી સ્ટીકર લગાવવું, રસીદ બતાવવી અને ઉત્તરવહીનો નંબર નોંધવો વગેરે જેવી બાબતોને કારણે દસેક મિ. જેટલો સમય જાય છે તેનું ધ્યાન રાખવું. અને છેલ્લે પાંચેક મિનિટ ઉતરવહી પર નજર ફેરવી જવા ફાળવવી.

★ હવે સૌથી મહત્વની વાત! તમારું મૂલ્યાંકન તમે લખેલા ઉત્તરપત્ર ઉપરથી થાય છે. પરીક્ષા પદ્ધતિમાં ઘણી ખામીઓ હોવા છતાં તેનો અન્ય કોઈ વિકલ્પ નથી. તેથી તેને ધિક્કારવાને બદલે પોઝીટીવ એટીટયૂડ સાથે અને તેની કેટલીક ખૂબીઓ પણ છે તે જાણી પૂરી સ્વસ્થતાથી પરીક્ષા આપો, તો મને ખાત્રી છે કે તમે જરૂર સફળ થશો. તો તમે લખેલું ઉત્તરપત્ર કેવું હોવું જોઈએ? કેવી રીતે લખાવું જોઈએ? અને કઈ રીતે લખવાથી વધુ ગુણ મેળવી શકાય? આ બાબતો ધ્યાનમાં રાખવામાં આવે તો એજ લખાણ હોવા છતાં ૧૫ થી ૨૦ ગુણનો તફાવત પડી શકે છે. હવે બોર્ડનું પરીક્ષણ કાર્ય ખૂબ ઝડપથી થાય છે ત્યારે લખાણની ગુણવત્તા કરતાં પણ વધુ મહત્વની તેની રજૂઆત (PRESENTATION).

★ સુવાચ્ય અક્ષરોમાં છેકછાક વગરનું અને આકર્ષક લખાણ પરીક્ષક ઉપર પ્રથમ સારી છાપ પડે છે. તેથી છેકવાની જરૂર પડે તો પણ તે લખાણ પર ફક્ત આડી લીટીથી છેકવું. તેને ઘૂંટીને ગંદુ દેખાય તે રીતે છેકવું નહિં. લખાણ છૂટું-છૂટુ લખો. નવો પ્રશ્ન શરૂ કરો ત્યારે વચ્ચે થોડી જગ્યા છોડી દો.

★ પ્રશ્નો પેપરમાં હોય તો ક્રમમાં જ લખવાની ટેવ પાડો. જે પ્રશ્ન ન આવડતો હોય કે તેના માટે વધુ વિચારવાની જરૂર હોય અને પછી લખવો હોય તો તેના માટે જગ્યા છોડી દો પણ બને ત્યાં સુધી ક્રમ તોડો નહિં. ઉત્તર લખતી વખતે મોટા અક્ષરે ઉપરના ભાગે વિભાગ, પ્રશ્નનો ક્રમ સ્પષ્ટ લખો. હવે નવા માળખા અનુસાર પ્રશ્નોનો ક્રમ એક થી છેલ્લા પ્રશ્ન સુધી સળંગ હોય છે. પરંતુ તેના પાંચ-છ વિભાગો હોય છે. તો નવો વિભાગ નવા પાના પર શરૂ કરો. પ્રશ્નની ઉપર આપેલી સૂચનાને ધ્યાનથી વાંચો અને જેટલો જવાબ માગ્યો હોય તે પ્રમાણે તમારું લખાણ હોવું જોઈએ. બહુ લાંબા ઉતર આપવાથી વધુ ગુણ મળતા નથી પરંતુ સમયનો બગાડ જરૂર થાય છે અને અન્ય પ્રશ્નો રહી જવાની શક્યતા રહે છે. ઉતર તપાસતી વખતે પરીક્ષકને જેટલી સરળતા તેટલું મૂલ્યાંકન સારું. તેને પ્રશ્નોના ઉત્તર જુદી જુદી જગ્યાએથી શોધવા ન પડે તેનું ધ્યાન રાખો.

★ હેતુલક્ષી પ્રશ્નો (ખા.જ., બહુ વિકલ્પ પ્રશ્નો, જોડકાં, ખરાં-ખોટાં વગેરે)ને પ્રથમ આપો. કેમ કે તેના જવાબ ઝડપથી લખી શકાય છે વર્ણનાત્મક પ્રશ્નના ઉતરને યાદ રાખવાની ટ્રીક વિકસાવો. માહિતીપ્રદ ઉત્તર હોય તો તેના

પેટા મુદ્દાઓ નક્કી કરો. દરેક મુદ્દાના મુખ્ય શબ્દ (કી-વર્ડ) યાદ રાખવા તેને અંગ્રેજી મૂળાક્ષર આપો. અને બધા પેટા મુદ્દાના અંગ્રેજી અક્ષરોને જોડી એક વાક્ય બનશે જેને સરળતાથી યાદ રાખી શકશે.

★ પેપર અધૂરૂં ન રહી જાય તેનું ખાસ ધ્યાન રાખો. હેતુલક્ષી પ્રશ્નોના વધારાના પ્રશ્નો (ઓપ્શનના) લખો તેનો વાંધો નહિં પરંતુ મોટા પ્રશ્નોના જરૂર પૂરતા જ જવાબ લખો. અર્થાત્ ત્રણમાંથી બે પ્રશ્નોના જવાબ લખવાના હોય તો બે જ લખો, ત્રણ નહિં. અન્યથા તમારો સમય ખૂટશે. વર્ણનાત્મક પ્રશ્નના ઉતરને સમય અનુસાર ટૂંકાવીને લખવાની કોશિશ કરો. સમય ઓછો હોય ત્યારે એક લાંબા અને પૂરા જવાબ કરતાં એટલા જ સમયમાં ટૂંકા અને થોડા અધૂરા રહી જાય તો પણ એકથી વધુ બાકી રહેલા પ્રશ્નોના જવાબ લખવાનો પ્રયત્ન કરો. જેથી પ્રમાણમાં વધુ માર્કસ મેળવી શકાય છે. સમયનું આયોજન અગાઉથી કરેલ હશે તો પરીક્ષા સમયે આ મુશ્કેલી નહિં પડે.

ટૂંકમાં, પરીક્ષા સમયે તમારી માનસિક સ્વસ્થતા, પૂર્વતૈયારી, સમયનું આયોજન, પેપર લખવાની કુશળતા અને ઉત્તરપત્રમાં તમારી રજૂઆત ખૂબ મહત્વનાં છે. આ બાબતોને ધ્યાનમાં લઈ અગાઉથી સંપૂર્ણ રીતે સજ્જ બની પરીક્ષા આપો. સફળતા તમને મળશે જ!

શુભેચ્છા સહ....

**નીલેશ રાવલ**
**મો. ૯૮૭૯૨ ૬૩૦૫૮**


**કમલેશ રાવલ**
**૯૮૨૫૮ ૭૫૩૩૯**

**એન.કે. જ્વેલરી બોક્ષ**

**દરેક પ્રકારના જ્વેલરી બોક્ષ, પાઉચ તથા ડિસ્પ્લે ટ્રે ના સ્પેશિયાલીસ્ટ**

**ઘાંચીની પોળ પાસે,**
**માણેકચોક કો.ઓ. બેંકની સામે, એમ.જી. હવેલી રોડ,**
**માણેકચોક, અમદાવાદ-૩૮૦ ૦૦૧.**

## પાર્થનો પુરૂષાર્થ



આ છે પાર્થ પોમલ.

પાર્થ એટલે પુરૂષાર્થનો પર્યાય....

સતત મનોમંથન - સંશોધન કરતા રહેવું એનું નામ પાર્થ. હાલે એંકરવાલા સ્કુલ - ભુજમાં ધોરણ-૭માં અભ્યાસ કરતો ૧૨ વર્ષનો આપણો આ પાર્થ શિશુમંદિરથી જ પ્રથમ નંબર મેળવતો આવ્યો છે.

પાર્થ લતા-વિનયભાઈ પોમલને નાનપણથી જ સંગીતનો લગાવ. બ્રહ્મલીન પૂ. નારાયણ સ્વામી (ભજન સમ્રાટ)નાં એમનાં ઘેર રોકાણ દરમ્યાન એમના સાંનિધ્યમાં ફક્ત પાંચ વર્ષની નાની વયે એમણે સંગીતનો એકડો ઘૂંટ્યો. જે હાલમાં વિષારદ્ થવા ડગ માંડી રહ્યો છે.

નિયમિત રીયાઝ કરતો અને સિનીયર સંગીત શિક્ષક ભુજનાં ચતુરસિંહ જાડેજા પાસેથી સંગીત શિક્ષા મેળવતો પાર્થ પોતાનાં નિજી શોખને પોષવા માટે ગાયન-વાદનનાં બ્રેક દરમ્યાન હાલમાં તબલાનું શિક્ષણ મેળવે છે. કારણકે ઉંમર નાની હોવાથી ગાયન ક્ષેત્રે વિષારદ્ થવાને હજી ચારેક વર્ષની રાહ જોવી પડશે.

સાદગીને વરેલો અને સદાય પ્રસિધ્ધિથી દૂર ભાગતો, સંવેદનશીલ, શાંત અને શરમાળ સ્વભાવ અને ધાર્મિક રૂચિ ધરાવતો પાર્થ અભ્યાસ ઉપરાંત સંગીત, કોમ્પ્યુટર, હિંદી, સંસ્કૃત, ઇંગ્લીશ ઉપરાંત ધાર્મિક શિક્ષણ (BAPS)માં પણ પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ થતો આવ્યો છે.

તાજેતરમાં ભુજના રોકાણ દરમ્યાન પરિચયમાં આવેલો પાર્થ એનાં દાદાગુરૂ પી.જી. સોની દાસનાં સાંનિધ્યમાં અને સંતોના આશિર્વાદથી ઉત્તરોત્તર સિધ્ધિનાં સોપાનો સર કરતો રહે એ જ સેતુના શુભાશિષ.

***હંસરાજ કંસારા***

## હાર્દિક અભિનંદન

★ **પ્રિતીબેન શાંતિલાલ સોની** ગાંધીધામની ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટ સંચાલિત કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામ આસિસ્ટન્ટની પરીક્ષામાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા.

★ દિલ્હી નિવાસી **પરેશકુમાર હંસરાજ કંસારા**ની સુપુત્રી **નેહા,** દિલ્હીની ગાર્ગી કોલેજમાં ભણે છે. ગત માસે એણે બાસ્કેટબોલની રાષ્ટ્રીય કક્ષાએ, ચેન્નાઈ ખાતે આયોજીત રમતોત્સવમાં દિલ્હીની ટીમમાં ભાગ લીધો હતો.

કુ. નેહાનું, એની ખેલ કુશળતા સબબ શ્રેષ્ઠ પ્રદર્શન બદલ રૂા. ૧૦૦૦/-નું રોકડ ઈનામ અને સાધનો - પોષાક વિગેરે આપી સન્માન થયું હતું.

## પ્રભુકૃપા ક્વીઝ કોર્નર

ગતાંકમાં પૂછાયેલ પ્રશ્નોના ઉમળકાભેર જવાબો આપવા બદલ સૌને અભિનંદન. પ્રશ્નોના સાચા જવાબો છે : (૧) વશિષ્ઠ, (૨) જટાયુ, (૩) પુષ્પક વિમાન, (૪) સરયુ નદી. સાચા જવાબો આપનાર છે : ગોહીલ કોમલ જયસુખભાઈ (મિરજાપર), શીતલ બુધ્ધભટ્ટી (ભુજ), રોહન કે. સોની (માધાપર), રાજેન્દ્ર કટ્ટા (માધાપર), પ્રિયા પરમાર (અંજાર), વિદુલા કટ્ટા (આદિપુર), લાયચા ડિંપલ જેન્તીલાલ (કોટડા - જડોદર), ગૌરવ કોટડીયા (માંડવી), મૌલીક બારમેડા (ભુજ), રોહિણી ભરત બુધ્ધભટ્ટી (ભુજ), રમેશભાઈ ખીમજી કટ્ટા (નખત્રાણા), કિશન સુરેશભાઈ સોની (માંડવી), કોમલ લલીતભાઈ (માંડવી), માનસી અશ્વિનભાઈ સોલંકી (અમદાવાદ) તથા હરનીશ એચ. બુધ્ધભટ્ટી (ભુજ).

આ પૈકી **લાયચા ડિંપલ જેન્તીલાલ (કોટડા - જડોદર)** ***'પ્રભુકૃપા ક્વીઝ કોર્નર'***ના ભાગ્યશાળી વિજેતા જાહેર થયેલ છે. તેમને **પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર** તરફથી રૂા. ૧૦૧/-નું ઈનામ મળે છે.

***હવે આ અંકના પ્રશ્નો :***

૧. હાલમાં અવકાશયાત્રાએ ગયેલ સૌપ્રથમ ગુજરાતી મહિલાનું નામ શું છે?
(એ) કલ્પના ચાવલા, (બી) સુનિતા વિલિયમ, (સી) સુધા ચંદ્રન

૨. સૂર્ય મંડળનો સૌથી ગરમ ગ્રહ કયો છે?
(એ) યુરેનસ, (બી) બુધ, (સી) ગુરૂ

૩. ચંદ્રની ધરતી પર સૌપ્રથમ પગ મૂકનાર વ્યક્તિનું નામ શું છે?
(એ) નીલ આર્મસ્ટ્રોંગ, (બી) એડમંડ હિલેરી, (સી) જહોન સ્મિથ

***ઉપરોક્ત સવાલોના જવાબો તા. ૩૧-૧-૨૦૦૭ સુધી, તંત્રીશ્રી, જ્ઞાતિસેતુ કાર્યાલયને સરનામે લખી જણાવશો. સાચો જવાબ આપનાર ભાગ્યશાળી વિજેતાને પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર તરફથી રૂા. ૧૦૧/-નું રોકડ ઈનામ મળશે. તો થાવ તૈયાર... બેસ્ટ ઑફ લક...***

## અભિનંદન



★ **સોલંકી પ્રીતિ શાંતિલાલ** ITI (C.O.P.A.) Tradeમાં ગુજરાતમાં પ્રથમ નંબર સાથે ઉત્તીર્ણ થયા છે.

## बा हो तो ऐसी!

***(एक पोती के मनमें अपनी दादी की छबी)***

बा हो तो ऐसी
जो भूले न किसीको
बा हो तो ऐसी
जो प्यार करे सभी को
बा हो तो ऐसी
जो सबके लिए एक जैसी
कुछ खाती नहीं अकेली
सबको पहले देती
रुलाया नहीं किसीको
सदा हंसती हसाती
दादाजी को सदा डांटती
हमे कभी कुछ ना कहेती
हमें प्यार ही प्यार देती।
सबसे अच्छी मेरी दादी।

***पूर्वी परेशकुमार - दिल्ही***

## મનમાં વસેલી વાત

*જુઓ ભાઈ, જાણો ભાઈ*
*પછી બધું માણો ભાઈ.*
*ખાડો ના ખોદાઈ જાય,*
*ઊભેલાં ના ગબડાઈ જાય*
*રાત પડે દીવો ન શોધાય*
*દિવસે જ પ્રબંધ કરી રખાય.*
*જગને ખોટું ગણાય નહીં,*
*દોષ બીજાને અપાય નહીં,*
*પ્રથમ જુઓ પોતાની જાત,*
*પછી સુધારો બીજાની ભાત.*

***માનસી અશ્વિનભાઈ સોલંકી - અમદાવાદ***

## "કોટી કોટી વંદન"

*ખૂટી ગયાં ઓચિંતો ખજાનો તારો, ઈશ?*
*કે ખાલી કરી નાખ્યો તે અમારો ખજાનો ઈશ!*
*પણ નથી ખબર તને એના કારણે સાહિત્યની ભૂમિ પર મોટા ત્રણ આંચકાં આવતાં જનજીવન સાહિત્યકારની ખોટમાં દટાઈ ગયું છે.*
*અને, આ તો વળી સર્વત્ર આવેલું ભુંકપ કે ન કોઈ સહાય કે ન કોઈ આશ્વાસન!*
*અંતે જ્યાં પણ હોય ત્યાં આ ત્રણેય.*
*ચિરંજીવી આત્માઓને 'જીનલ'ના અશ્રુભીના કોટી-કોટી વંદન*

***કુ. જીનલ પી.સોલંકી નાગલપુર, માંડવી કચ્છ***

# ‘અલોહા’

ખ્યાતિ શૈલેષકુમાર કંસારા - ભુજ

આધુનિક સમાજનું સૌથી મહત્ત્વનું કાર્યક્ષેત્ર બાળકોના માનસિક વિકાસનું છે. મોટાભાગના અન્ય વ્યવસાયલક્ષી અભ્યાસીનું ધ્યાન self development પર હોય છે. જ્યારે સમાજલક્ષી અભ્યાસી ‘સ્વ’ ઉપરાંત ‘અન્ય’ને પણ આવરી લે છે. આવા ક્ષેત્રે, બીજા વ્યવસાયોમાં, પ્રમાણમાં, અભ્યાસીને વળતર ઓછું હોય છે તે ખરું, પરંતુ સામાજીક વળતર અનેકગણું વધુ હોય છે. કલ્પના કરો કે એક બહેન શિક્ષિકા, નર્સ, મેડિકલ સોશ્યલ વર્કર કે એવા જે કોઈ કાર્ય સાતે સંકળાયેલા હોય તો પ્રતિવર્ષ એની સેવાનો લાભ લેનારા અનેકોનાં જીવન ઉજ્જવળ બનાવે છે. આવો જ એક વ્યવસાય છે Brain Development. આજના બાળકોને, એની ખાસ આવશ્યક્તા એટલા માટે છે કે આજનું બાળક Information Explosionથી Hyper active થયેલો છે. એના માનસપટ પર શિક્ષણ સિવાયની અનેક બાબતોનો મારો થતો હોવાથી, એને એનું શિક્ષણકાર્ય adjust કરવામાં મુશ્કેલી થાય છે. બાળક જાતે જ એની આવી મુશ્કેલીનો સામનો કરી શકે તે માટે ‘અલોહા’ માનસિક વિકાસની વૈજ્ઞાનિક ઢબે ‘બાળ માનસ’ને કેળવે છે અને આ સંસ્થાના ભુજ કેન્દ્રનું સંચાલન કરે છે.

### બ્રેઈન ડેવલપમેન્ટના ફાયદાઓ

- *બ્રેઈન વધુ પાવરફુલ બને છે.*
- *બાળક અનોખો આત્મવિશ્વાસ અનુભવે છે.*
- *એની ક્રિએટીવીટીમાં વધારો થાય છે.*
- *એનું અભ્યાસ પ્રત્યે કોન્સન્ટ્રેશન અને ફોકસ વધે છે.*
- *મેમરી, લોજીક, એનાલિસીસ વગેરે પાવરફુલ બને છે.*
- *ઓબ્ઝર્વેશન, લીસનીંગ સ્કીલ વધુ શાર્પ બને છે.*
- *બાળકને એજ્યુકેશન, સ્પોર્ટ્સ, કોમ્પિટીશન વગેરેમાં ટોપ પર પહોંચવામાં મદદ મળે છે.*

સ્વામિ વિવેકાનંદજીએ કહ્યું છે કે કેળવણી એ કોઈ માહિતીનો ઢગલો નથી કે જે તમારા મસ્તકમાં ભરાઈને વણ પચ્યો રહીને જીવનભર ગરબડ મચાવ્યા કરે. કેળવણી જીવનનું ઘડતર કરે, મનુષ્યને સાચો મનુષ્ય બનાવે, તેના ચારિત્ર્યનું નિર્માણ કરે તેજ કેળવણી.

આજની શિક્ષણ પધ્ધતિમાં ‘ભાર વિનાનું ભણતર’ કેમ થાય અને સમાજમાં આજનું બાળક એ ભવિષ્યમાં દેશનો સાચો નાગરિક કેમ બને તે એક વિચારબીજથી કંઈક કરવાની ભાવના જાગી, જેને બળ મળ્યું - ‘અલોહા’ નામની મલેશિયન પધ્ધતિથી.

ભુજમાં હોસ્પિટલ રોડ ઉપર આવેલ ‘દેસાઈ એકેડેમી’ દ્વારા ૪થી ૧૪ વર્ષનાં બાળકો માટે બ્રેઈન ડેવલપમેન્ટનો કોર્સ ચાલે છે. જેનું સંચાલન છેલ્લા બે વર્ષથી કચ્છ માનકુવાના સોની કુટુંબમાં જન્મેલા અને સદવિચાર અને સીતારામ પરિવારનાં મુખ્ય સંચાલક પ્રભુદાસ ખેતશી સોનીની સુપુત્રી મીનાબેન કરે છે. સમાજસેવા, એ મીના બેનનો વંશ પરંપરાગત ગુણ કહી શકાય. એમના દાદાશ્રી સ્વ. ખેતશીબાપાની સમસ્ત કચ્છમાં, મૂક અને સમર્પિત સમાજસેવી તરીકેની નામના હતી. એમના સુપુત્ર પ્રભુદાસભાઈ પણ એ જ રસ્તે અને ધ્યેયથી એમનો સમય અને શક્તિ બંને આપે છે.

મીનાબેન, છેલ્લા બે વર્ષથી ભુજમાં ૪થી ૧૪ વર્ષનાં થોડાં બાળકોમાં માનસિક વિકાસની પધ્ધતિસર તાલીમ આપે છે. તેઓ કહે છે કે આજના જેટ યુગમાં માણસનું માનસ પણ તેટલું જ ગતિમય બની સતર્ક રહે, હાજરજવાબી રહે, ચેતનવંત રહે, તે અર્થે અલોહા પ્રયત્નશીલ છે.

વિશ્વના અનેક દેશોમાં તેમજ ભારતમાં અલોહાનાં અનેક કેન્દ્રો છે. કચ્છમાં તેની શરૂઆત ભુજ મધ્યે થઈ છે અને એ કેન્દ્રની શરૂઆત કરવાનો યશ તેણીને જાય છે. યોગ્ય ઉંમરમાં બાળ માનસને તૈયાર કરવામાં આવે તો બંને મગજ એકમેકને પૂરક કાર્યો કરી બતાવે. આમ, બાળકની સ્મરણ શક્તિ દ્વારા સતત યશસ્વી બનતો જાય.



*‘અલોહા’ની શરૂઆત સમયે જોડાયેલા ખુશખુશાલ બાળકોની બેચ*

અલોહા દ્વારા રાજ્ય સ્તર અને રાષ્ટ્રીય સ્તરે પણ હરિફાઈઓ યોજાતી રહે છે. જેમાં દેસાઈ એકેડેમીનાં બાળકોએ છેલ્લા બે વર્ષમાં ભાગ લીધેલ. જેમાં પાંચથી છ બાળકો બે વખત રાજ્યસ્તરે પ્રથમ અને ત્રણ બાળકો રાષ્ટ્રીય સ્તરે પ્રથમ આવેલા છે. તાજેતરમાં સુરત ખાતે યોજાયેલ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભુજના આ અલોહા કેન્દ્રના બાળકોએ ઉમળકા સાથે ભાગ લીધો હતો. જેનો અહેવાલ પ્રસ્તુત છે.

બાળકોના વિકાસ સાથે અલોહા અને સંપૂર્ણ માનવજાતિનાં વિકાસ માટે સિલ્વા મેથડની પણ આ કેન્દ્રમાં શરૂઆત કરી છે. આપણી જાગૃત અને અજાગૃત અવસ્થા વચ્ચેની એક ચોક્કસ અવસ્થા કે જે આલ્ફા અવસ્થા તરીકે ઓળખાય છે. આંતરમનને જાગૃત કરવાની વૈજ્ઞાનિક પધ્ધતિમાં પણ ઘણા લોકો જોડાયા છે.

મીનાબેન માને છે કે આજના વિજ્ઞાન અને ટેક્નોલોજીના યુગમાં જો ટકવું હશે તો બાળવયમાં જ મનોવિકાસ માટે વિશેષ પ્રયત્નો જરૂરી બની રહે છે. Learn to Learningની થીયરી અપનાવવી પડશે. દરેક વસ્તુ, દરેક શોધ, દરેક ટેક્નોલોજીને જુની થતાં સમય નથી લાગતો. આપણા મહામહીમ રાષ્ટ્રપતિજી અબ્દુલ કલામ સાહેબ પણ દૂરનું વિચારીને એક ચોક્કસ દૃષ્ટિ ધરાવે છે. અને તે માટે મુખ્ય તો બાળકોને સંબોધીને શિબિરમાં શીખ આપે છે.

શિક્ષણ વ્યક્તિત્વ ઘડતરનો પાયો છે, જેની પાયાની જરૂરિયાત અને મજબુતીનો આધાર છે મનોવિકાસ. 'અલોહા' જેવી મનોવિકાસ સંસ્થાઓ બાળ માનસ યોગ્ય રીતે થાય તે માટે સિમેન્ટનું કામ કરે છે.

## રાષ્ટ્રીય કક્ષાએ 'અલોહા' દેસાઈ એકેડેમીના બાળકોએ હાંસલ કરેલ સિધ્ધિ

તાજેતરમાં ૨૬મી નવેમ્બર '૦૬ના અલોહા બ્રેઈન ડેવલપમેન્ટ કાું.એ રાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાનું આયોજન કરેલ. અગાઉ ૨૦૦૪ અને ૨૦૦૫માં આ સ્પર્ધાનું આયોજન અલોહાના મુખ્યમથક ચેન્નાઈમાં થયેલ. ૨૦૦૬માં સમગ્ર ભારતના બધા જ રાજ્યો પૈકી ગુજરાતનું સ્થાન વધારેમાં વધારે ૧૪૦ સેન્ટર અને ૨૫,૦૦૦ જેટલા અલોહામાં જોડાયેલા બાળકોની સંખ્યા જોવા આ સ્પર્ધાના આયોજન માટે ગુજરાત અલોહાના મે. ડિરેક્ટર શ્રી તુષાર કનસાગરાની પસંદગી અલોહા ફાઉન્ડર મિ. લોહમુનસંગ અને અલોહા ભારતના નિયામક મી. કે. કુમારને કરેલ. આ સ્પર્ધાનું આયોજન સુરત મધ્યે ઈન્ડોર સ્ટેડિયમ ખાતે થયેલ. જેમાં ૩૩૦૦ બાળકોએ ભાગ લીધેલ. જેમાં ભુજની દેસાઈ એકેડેમીના ૨૯ બાળકોએ ભાગ લીધેલ હતો. જેમાંથી ચોથા લેવલમાં કુ. જાહન્વી ચૌહાણ વિજેતા, સોહમ શાહ પ્રથમ રનર્સ અપ તરીકે તથા છઠ્ઠા લેવલમાં પાર્થ રાઠી વિજેતા અને અનિરૂધ્ધ જૈન રનર્સ અપ તરીકે વિજયી જાહેર થયેલ. આ વિજેતાઓને મિ. લોહ મુનસંગના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવેલ.



*મિ. લોહ મુનસંગ સાથે ટ્રોફી સ્વીકારતા અનિરૂધ્ધ જૈન, પાર્થ રાઠી, જાહન્વી ચૌહાણ, સોહમ શાહ*

આ પ્રસંગે ઉપસ્થિત મિ. લોહમુનસંગ - મલેશિયા, પ્રોફેસર સેન-તાઈવાન, અલોહા ઈન્ડિયાના શ્રી અને શ્રીમતી કે. કુમારન હાજર રહેલ. જેમાંથી કે. કુમારનનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવાનું માન અલોહા ગુજરાત દેસાઈ એકેડેમીના નિયામક શ્રીમતી મીના દેસાઈને આપેલ, એ પણ ભુજ માટે ગૌરવ લેવા જેવું છે. સ્પર્ધાનું સંચાલન કુ. નેહા શાહે કરેલ.

## માનવીનું ધ્યેય

દરેક વ્યક્તિમાં દિવ્યતા સુષુપ્તપણે રહેલી છે. અંદરની આ દિવ્યતાને બાહ્ય તેમજ આંતર પ્રકૃતિના નિયમન દ્વારા અભિવ્યક્ત કરવી એ જીવનનું ધ્યેય છે. કર્મ ઉપાસના, મનનો સંયમ અથવા તત્ત્વજ્ઞાન એમ એક અથવા અનેક દ્વારા આ જીવન ધ્યેયને સિધ્ધ કરી અને મુક્ત બનો. ધર્મનું આ સમગ્ર તત્ત્વ છે. સિધ્ધાંતો, મતભેદો, અનુષ્ઠાનો, શાસ્ત્રો, મંદિરો કે મૂર્તિઓ એ બધું ગૌણ છે.

***પોમલ હની રામદાસભાઈ***

## તદ્દન નવી વાનગી – જીવન

સૌ પ્રથમ એક કિલો પ્રેમ લઈ એમાં બરાબર બસ્સો ગ્રામ સ્મિત ઉમેરો. આથો ચડી રહે પછી એમાં ચાર ચમચી વિશ્વાસ અને ત્રીસ ગ્રામ જેટલી સહાનુભૂતિ તથા એક લીટર સચ્ચાઈ ઉમેરો. જે મિશ્રણ તૈયાર થાય એને બરાબર ઘૂંટીને ઘટ્ટ થવા દો. પછી એમાં એટલા જ વજન જેટલો આનંદ રેડીને ઠીક ઠીક સમય સુધી વૈરાગ્યના ફ્રિજમાં મૂકી રાખો. કલાક પછી યોગ્ય કદના ચોસલા પાડીને શત્રુઓ તથા મિત્રોમાં વહેંચવા માંડો. આવી સ્વાદિષ્ટ વાનગીનું નામ છે જીવન.

***લાયચા ડિંપલ જયંતીલાલ***

# ઘડિક ગમ્મત

## જેવા હો તેવા રહો

પ્રથમ મિત્ર : યાર મારા લગ્નને હવે ૧૦ દિવસ બાકી છે. હવે જોરદાર તૈયારી કરવી પડશે. દાંડિયા રાસ, જમવામાં પંજાબી ડિશ, વિડીયો શુટીંગ, મારૂતિ કાર, દાગીના વગેરે વગેરે...

બીજો મિત્ર : પણ તને ખબર છે, આ બધા ખર્ચનો હિસાબ કર્યો? ક્યાંય લગ્ન પછી પસ્તાવો ન થાય.

પ્રથમ મિત્ર : થોડા ઘણા રોકડા આપીશું. બાકીના રૂપિયા લગ્ન પછી તો કંઈ પણ ખર્ચ નહીં હોય એટલે આપી દેશું. એમાં શું છે?

બીજો મિત્ર : તો તારી મરજી. બાકી તો આપણી પરિસ્થિતિ પ્રમાણે ચાલવું જોઈએ. એટલે હું તને ચેતવું છું.

અંતમાં ઉધારનું દેવું કરીને લગ્ન કરી લીધા.

*લગ્નના ૧૦ દિવસ બાદ....*

પત્ની : તમે તો કહેતા હતા કે આપણે કુલુ-મનાલી, સીમલા વગેરે હનીમુન માણવા જશું? હવે એમ કરો, ક્યાંક આજુબાજુમાં ફરવા ચાલો.

પતિ : હમણાં ક્યાંય નહીં ચાલી શકાય. અત્યારે કામનું ટેન્શન છે અને પહેલા ઉધાર પણ ચૂકવવી પડશે. એટલે હમણાં ક્યાંય ફરવાનું નામ ન લેતી.

*લગ્નના ૬ મહિના બાદ....*

સામાજીક ખર્ચાઓ, ઘરનો ખર્ચ, લગ્નની ઉધારી વગેરેમાં આવક કરતાં જાવક વધારે પડતી થતી ગઈ અને પતિ-પત્ની વચ્ચે કંકાસ શરૂ થયો. પત્ની રીસાઈને પિયરે ચાલી ગઈ.

પતિ પત્ની વચ્ચે જે પ્રેમ હતો તે હવે મુરઝાઈ ગયો. હવે એમનો પરસ્પરનો પ્રેમ ક્યારે છલકાઈ ઉઠે તે તો ભગવાન જાણે.

તા.ક. : જન્માક્ષર બતાવીને જ લગ્ન કર્યા હતા.

*સારાંશ : આપણે વાસ્તવિક્તામાં જેવા હોઈએ તેવું જ જીવન જીવવું જોઈએ.*

***જીતેશ કાંતિલાલ બુધ્ધભટ્ટી - માધાપર, ભુજ (કચ્છ)***

## સાભાર સ્વીકાર

**સોની ભાણજી ચુનીલાલ (નાગપુર)** તરફથી તેમની સુપુત્રીના લગ્ન પ્રસંગે રૂા. ૨૫૧/- 'જ્ઞાતિસેતુ'ને ભેટ આપેલ છે. આભાર.

## ગુટખા ખાનારાઓ માટે ઈનામી યોજના

| | |
|---|---|
| યોજનાની મુદત | : આજીવન સુધી |
| પ્રથમ ઈનામ | : કેન્સર |
| બીજું ઈનામ | : સડી ગયેલ ગાલ |
| ત્રીજું ઈનામ | : નાનુ મોં |
| ચોથું ઈનામ | : યુવાનીમાં ઘડપણ. |
| પાંચમું ઈનામ | : ખરાબ કિડની. |
| છઠ્ઠું ઈનામ | : ખાંસી, કફ, દાંત ગાયબ. |
| છેલ્લું ઈનામ | : રામ નામ સત્ય છે. |
| ફોર્મનું પ્રાપ્તિસ્થાન | : પાનના ગલ્લા, રેલ્વે સ્ટેશન, એસ.ટી. સ્ટોલ વિ. |
| ફોર્મની કિંમત | : રૂા. ૧/-થી રૂા. ૬/- સુધી |
| ઈનામ પ્રદાન સ્થળ | : સ્મશાન |
| મુખ્ય મહેમાન | : યમરાજ. |

*આ યોજનામાં વહેલી તકે ભાગ લો અને ઈનામો જીતો.*

*મફત... મફત... મફત...*

*ગુટખા સાથે કમજોરી, બીમારી અને દુર્ગંધ મફત મળશે.*

***માનસી કોટડીયા - માંડવી (કચ્છ)***

***આપણો સમાજ આ ઈનામી યોજનાથી દૂર રહે તેવી શુભ કામના.***

બંટી : મમ્મી, અહીં 'ગાડી ધીમે હાંકો' નું બોર્ડ શા માટે લગાવ્યું છે?

મમ્મી : કારણકે નજીકમાં હોસ્પિટલ નથી માટે.

☺ ☺ ☺ ☺ ☺

પિતા : તારે કાર શા માટે જોઈએ? ભગવાને બે પગ શા માટે આપ્યા છે?

રાજુ : એક બ્રેક લગાવવા અને બીજી એક્સીલેટર આપવા!!

☺ ☺ ☺ ☺ ☺

પરીક્ષામાં ક્રિકેટની રમત વિશે નિબંધ લખવાનો હતો. બધાએ બબ્બે પાના ભરીને નિબંધ લખ્યો. નટખટ બબલુએ એક જ લીટીમાં નિબંધ પૂરો કરી દેતા લખ્યું, 'આજે ભારે વરસાદને કારણે મેચ બંધ છે.'

☺ ☺ ☺ ☺ ☺

સુનીલ : મારા પપ્પાએ કેટલાયને ઉપર પહોંચાડી દીધા છે.

અનિલ : છતાંય હજુ જેલની બહાર જ છે?

સુનીલ : તેઓ બહુમાળી ભવનના લિફ્ટમેન છે.

***સોની કિશન મુકેશભાઈ,***
***કુ. સોની કોમલ લલીતભાઈ – માંડવી (કચ્છ)***

## પ્રતિભાવ

★ *મકાન બાંધ્યા પહેલાં પડી જાય તો ચણતરમાં ખામી છે,*
*બેટા બાપને સામા થાય તો, ભણતરમાં ખામી છે.*

પણ રામકૃષ્ણની માતૃ-પિતૃ ભક્તિ જે ભારતીય સંસ્કૃતિનાં કણેકણમાં સમાયેલી છે તેનાથી જો સંતાનો વિપરીત જાય તો (ચોક્કસ) 'ઘડતર'માં ખામી છે.

આજના પશ્ચિમી સંસ્કૃતિનાં આંધળા અનુકરણીય જમાનામાં જો રામાયણની સંસ્કૃતિનાં આધારે બાળકોનું 'ઘડતર' થાય તો નવા યુગનું નિર્માણ થાય.

અને 'પ્રભુકૃપા ક્વીઝ કોર્નર'માં રામાયણનાં પ્રશ્નો પૂછીને બાળકોનું સુઘડતર કરવાનું 'જ્ઞાતિસેતુ'નો પ્રયાસ સરાહનીય છે. હજુ પણ બાળકોમાં આ રામાયણનાં સુસંસ્કારનું સિંચન કરે તેવી વાર્તાઓ, લેખો, વધુમાં વધુ પ્રસિધ્ધ થાય તેવી અપેક્ષા.

*રમેશભાઈ કે. સોની, પ્રાથમિક શિક્ષક*

★ કચ્છ અંજારથી દિનેશ પોમલના નમસ્કાર. આ અગાઉનો અંક બહુ જ સારો હતો. હવેથી અમોને અંક રેગ્યુલર મળી જાય છે. તે માટે આપશ્રીની મહેનત માટે ધન્યવાદ. આ સાથે હરીદ્વાર - ઋષિકેશ પ્રવાસ અંગે થોડું લખી મોકલું છું. જે તા. ૧૧-૧૦થી તા. ૧૮-૧૦ દિવસ-૮નો પ્રવાસ દરમ્યાન હું જ્યાં ફર્યો અને જે મારી નજરે જોયું તે લખી મોકલ્યું છે.

*દિનેશ પોમલ - અંજાર, કચ્છ*

★ તમને ખૂબ ખૂબ અભિનંદન. મારા મોકલાવેલ લેખ જેવા કે બે બોલ, ભણતર, જુગાર, મન વિ. તમોએ 'જ્ઞાતિસેતુ'માં સામેલ કર્યા તે બદલ હું તમારો આભાર માનું છું. આજે હું લેખ મોકલાવું છું. તે તમો વાંચીને સારો લાગે તો તાત્કાલીક 'જ્ઞાતિસેતુ'માં સામેલ કરશો કારણકે આવતા મહિને સમૂહલગ્ન છે તો તેમાં આ લેખ ખૂબ જ ઉપયોગી બની શકે.

*જીતેશ કાંતિલાલ બુધ્ધભટ્ટી*

## સુવર્ણકાર બંધુઓ તથા નાના જ્વેલર્સ જાગો ઉઠો અને ધ્યેય પ્રાપ્તિ માટે લાગી જાઓ

આથી તમામ સુવર્ણકાર તથા નાના જ્વેલર્સ બંધુઓને જાણ કરવામાં આવે છે કે તાજેતરમાં અમુક બેંકો દ્વારા 'સુવર્ણ રજત લોન' સુવર્ણકાર તથા નાના વેપારીઓને પાંચ લાખથી પચ્ચીસ લાખ સુધીની આપવામાં આવે છે.

આ માટે આ સુવર્ણ રજત લોન સમસ્ત ભારતમાં રાષ્ટ્રીયકૃત બેંકો દ્વારા આપવામાં આવે તેવી માંગ કેન્દ્રના નાણાંપ્રધાન શ્રી પી. ચિદમ્બરમને આવેદન પત્ર દ્વારા કરેલ છે. તેવી રીતે સમસ્ત સુવર્ણકારો તથા નાના વેપારીઓ કેન્દ્ર સરકારના નાણાંમંત્રીશ્રી ઉપર પોતાના વિભાગના સાંસદોને સાથે રાખીને માંગ કરે તેવી વિનંતી કરવામાં આવે છે.

નવા વર્ષે તમામ સુવર્ણકાર બંધુઓને અનેક શુભકામનાઓ સહ.

*- પ્રભુદાસભાઈ જે. જડિયા*

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ

### *જ્ઞાતિનાં પ્રશ્નો વિષે સેમિનાર*

આપણા જ્ઞાતિજનો સમગ્ર કચ્છ તેમજ બહાર પોતાનાં ધંધા-રોજગાર કે નોકરી અર્થે વસવાટ કરે છે. પરંતુ તેઓનો જ્ઞાતિ પ્રત્યેનો સ્નેહ અને હિત સદાય તેમનાં હૈયામાં વસેલો છે.

કચ્છ તેમજ બહાર વસવાટ કરતા સુજ્ઞ જ્ઞાતિજનો નિયમિતપણે ભલે જ્ઞાતિજનોને મળી શકતા ન હોય, પરંતુ જ્ઞાતિનાં ઉત્કર્ષ તથા પ્રશ્નો વિષે માહિતી મેળવવા હંમેશા તત્પર હોય છે અને જ્ઞાતિજનોને તમામ સાથ સહકાર આપવા આતુર હોય છે.

સમગ્ર જ્ઞાતિબંધુઓને જ્ઞાતિનાં નાના-મોટા પ્રશ્નોની સાચી માહિતી આપી, વાસ્તવિક હકીકતોથી વાકેફ રાખવા જોઈએ. તેમજ તેનાં ફળ સ્વરૂપે જ્ઞાતિનાં કાર્યો પ્રત્યે તમામ જ્ઞાતિજનોનો સહકાર મેળવતા રહેવું જોઈએ. આવા શુભ ઉદ્દેશથી સમગ્ર જ્ઞાતિને સુસંગઠીત કરવા માટે એક સેમિનારનું આયોજન કરવું જોઈએ. આપણા જીલ્લાની વસ્તીનાં ધોરણે ફક્ત ૧૦૧ વ્યક્તિઓ જ આમંત્રિત હોવી જોઈએ.

આ સેમિનારમાં નીચે મુજબનાં વિષયો તથા તે સિવાયનાં અન્ય વિષયો પર અભ્યાસ પૂર્વક છણાવટ કરી, તેનાં ઉકેલ માટે પ્રયાસો કરવા જોઈએ.

(૧) જીલ્લા સમિતિ, (૨) શિક્ષણ, (૩) ધંધા-રોજગાર, (૪) સામાજીક પ્રશ્નો, (૫) ભુજમાં સમાજવાડી-બોર્ડીંગ, (૬) સમુહ લગ્નો, (૭) લગ્ન સંસ્કાર સેતુ, (૮) ભંડોળ, (૯) પ્રવાસ વિ.

આ સેમિનાર <u>ફક્ત આમંત્રિતો પુરતો જ</u> મર્યાદિત હોવો જોઈએ. સેમિનારનો સમય સાંજે ૬ થી ૯ તથા રાત્રે ૧૦ થી ૧૨ એમ બે સેશનમાં હોવો જોઈએ. તેમજ બીજા દિવસે સવારે ૮ થી ૯ સમાપન સત્ર રાખવું જોઈએ. રાત્રી રોકાણ સ્થળ પર ફરજીયાત હોવું જરૂરી છે, ઇચ્છનીય છે. આ સેમિનાર શનીવારની સાંજથી રવિવારે સવાર સુધી યોજી શકાય. અપેક્ષિત આમંત્રિતોનો પ્રત્યુત્તર પોસ્ટકાર્ડ દ્વારા મેળવવો જોઈએ. યોગ્ય આયોજન માટે પ્રત્યુત્તર જરૂરી છે. વાંઢાય-તિર્થસ્થાન અથવા ભુજની આસપાસનાં અન્ય સ્થળે સેમિનાર યોજી શકાય.

*પી. જી. સોની - ભુજ*

## વિદેશ વસતા જ્ઞાતિ પરિવારોને શુભેચ્છા

*વિદેશમાં વસતા આપણા જ્ઞાતિ પરિવારો દેશના જ્ઞાતિ સમાજની વિવિધ પ્રવૃત્તિઓ અને બનાવો જાણવા હંમેશા આતુર હોય છે. આથી સર્વે જ્ઞાતિજનોને તેમના વિદેશ વસતા સગા-સંબંધી પરિવારોની વિગત 'જ્ઞાતિ સેતુ' કાર્યાલય સરનામે મોકલવા વિનંતી છે. આપણા એન.આર.આઈ. સ્નેહીજનોને 'જ્ઞાતિસેતુ'નો એ એક અંક શુભેચ્છારૂપે વિના મૂલ્યે મોકલી આપવામાં આવશે.*

# યાત્રા પ્રવાસ

દિનેશ સી. પોમલ - ભુજ (મો. ૯૮૨૫૮ ૩૭૮૦૦)

## શ્રી દત્ત ધામ (કાળો ડુંગર)

ગુજરાતના કચ્છ જીલ્લામાં ભુજ શહેરથી ઉત્તર તરફ સરહદે ભુજથી લગભગ ૧૦૦ કિ.મી. દૂર ખાવડા ગામથી ૧૫ કિ.મી. દૂર કચ્છના કૈલાસ સમાન ૨૩૦ ચો.માઈલ વિસ્તારમાં પ્રસરેલ કાળા ડુંગર અત્યારે બી.એસ.એફ.નો કબ્જો છે છતાં પણ ૧૪૫૦ ફુટ આશરે કલગી સમાન તથા સરહદના સંત્રી સમાન શ્રી દત્તાત્રેય રણ વડે ઘેરાયેલ પચ્છમ બેટ વિસ્તારમાં પચ્છમના દેવ તરીકે જગવિખ્યાત છે.

આ જગ્યાનો પૌરાણિક સાહિત્યમાં પણ ઉલ્લેખ હોવાથી આ યાત્રાધામનું મહત્ત્વ સદીઓથી સ્થાપિત છે. એમ કહેવાય છે કે અહીંથી શ્રી દત્ત ભગવાને સાધના કરી હતી. પચ્છમ બેટ પહેલાના સમયમાં શેષા પટણ તરીકે ઓળખાતો અહીં નાગલોકનું રાજ્ય હતું. પછી આ વિસ્તાર ક્ષત્રિયોના અધિકાર નીચે આવેલો છે.

આ ધામમાં પહેલા આઠ થાંભલીઓવાળું પૌરાણિક છતરડી સમાન નાનું પાદુકા મંદિર હતું. પણ સન ૧૯૮૮માં આ ધામનો જીર્ણોધ્ધાર થયો હતો અને તે વખતે મંદિરમાં શ્રી દત્ત ભગવાનની આરસની મૂર્તિ પધરાવાઈ હતી અને સન ૨૦૦૧માં ભૂકંપ વખતે આ મંદિર સંપૂર્ણપણે નષ્ટ થયું હતું.

ત્યારબાદ આ મંદિર નવું બનાવવાની તથા યાત્રાધામ તરીકે વિકસાવવાની રહેવાની / જમવાની ઉત્તમ વ્યવસ્થા મળી રહે તે માટે ભુજના ધારાસભ્ય શ્રી મુકેશભાઈ ઝવેરીની નિગરાની હેઠળ શ્રી બાબુલાલભાઈ ઝવેરીના પરિવારજનોએ સ્વીકારતા અત્યારે આ મંદિર આધુનિક મંદિરનું નિર્માણ થયું છે અને અત્યારે આ મંદિરનું સંપૂર્ણપણે સંચાલન ખાવડા લોહાણા મહાજન સંચાલિત છે.

આ નવા મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા ફેબ્રુઆરી-૨૦૦૩માં થઈ. ત્યારબાદ આ જ પરીવાર દ્વારા અતિથિ ગૃહ / વિરામ સ્થાન તથા સંકુલમાં અન્ય સવલતો ઊભી થઈ શકી છે. અને સેવાભારતી સંસ્થા દ્વારા રસોડું - ભોજનકક્ષ તથા ભંડારાનું બાંધકામ શક્ય બનેલ છે.

શ્રી દત્ત મંદિર રણ અને ડુંગર અને દરિયાના સ્થાન પરથી માત્ર ૬ કિ.મી.ના અંતરે કુરન કોટડામાં સિંધુ ખીણની સંસ્કૃતિના અવશેષો મળી આવ્યા છે અને આ દત્ત મંદિર પશ્ચિમ ભારતના અગત્યના યાત્રાધામોમાં સ્થાન પામી ચૂક્યું છે અને ટુરીઝમ ડિપાર્ટમેન્ટ તરફથી આ યાત્રાધામ વિકસાવવા માટે પૂરતા પ્રયત્નો થઈ રહ્યા છે. ડુંગર ઉપર સુધી સિમેન્ટનો રોડ બનેલો છે અને છેક દત્ત મંદિર સુધી એસ.ટી.ની ભુજથી સુવિધા છે.

ધરતીકંપ બાદ બનેલ આ મંદિતમાં દત્ત ભગવાનની આકર્ષક મૂર્તિ છે. આ મંદિરના શિખર ઉપર બનાવેલ બારીમાંથી આવતો સૂર્યપ્રકાશ મંદિરના નિજગૃહમાં અનેરી હાજરી પૂરી શોભામાં વધારો કરે છે.

શ્રી દત્ત ભગવાનનો ધૂણો, કહેવાય છે કે ભગવાન દત્તે આ જગ્યા પર સાધના કરી હતી. તેથી આજે પણ આ ધૂણો ચાલુ છે. તેથી જ આ સ્થાનને દત્ત ભગવાનની પ્રસાદી રૂપે જોવામાં આવે છે.

શ્રી દત્ત ભગવાને પોતાની સાધનાકાળ દરમ્યાન મુંગા જંગલી પશુઓની જઠરાગ્નિ ઠારવા પોતાના શરીરના અંગ કાપીને 'લે અંગ' કહીને ધરાવેલા. આ પ્રસંગની પરંપરા જાળવવા આજે પણ અપભ્રંશ થયેલા 'લોગ' શબ્દ બોલી પહેલા શિયાળને 'નૈવેદ્ય' ધરાવ્યા પછી જ અન્ય ભક્તોને પ્રસાદી આપવામાં આવે છે. આ જંગલી શિયાળને 'લોગ' પ્રસાદી લેવા આવે તે અને પ્રસાદી આરોગે તે જોવાનો એક લ્હાવો છે. આ પ્રસાદ ધરાવવાનો સમય સવારે ૧૧.૦૦ની આસપાસનો સમય છે. કહેવાય છે કે આમ આદમી આ શિયાળને 'લોગ' શબ્દ કહી બોલાવે તો તેઓ નથી આવતા પરંતુ ત્યાંના વર્ષોથી પૂજા કરતા પૂજારી તથા તેમના વારસ, પ્રસાદી લઈને તેની જગ્યા પર જાય તો તે જંગલમાંથી થોડીવારમાં જ આવે છે. જે એક સત્ય ઘટના આજે પણ જોવા મળે છે.

અહીં પહોંચવા માટે ભુજથી ખાવડા અને ખાવડાથી ઈન્ડિયા બ્રિજ તરફ જવા ૭ કિ.મી. દૂર આવેલ ધ્રોબાણા ગામ તરફ જવાના માર્ગમાં આવે છે. આ ધ્રોબાણા ગામ પસાર કર્યા બાદ કાળા ડુંગર તરફ જવા માટે ૮ કિ.મી. લાંબો ઝીગઝાગ સિમેન્ટનો રોડ સીધો દત્ત મંદિર સુધી જાય છે. આ યાત્રાધામનું નજીકનું બસ સ્ટેશન ધ્રોબાણા તથા ખાવડા છે અને નજીકનું રેલ્વે સ્ટેશન તથા એર સ્ટેશન ભુજ છે. અહીંથી દત્ત મંદિર જવા માટે એસ.ટી.ની બસ તથા પ્રાઈવેટ વ્હીકલ મળી રહે છે.

અહીં રાત રોકાવાનો પ્રોગ્રામ હોય તો અગાઉથી જાણ કરવાથી વ્યવસ્થા થઈ શકે છે.

કહેવાય છે કે આ દત્ત મંદિરથી એક ભોંયરૂં છે જે ગીરનાર તરફ જતું હોવાનું મનાય છે. પણ હાલમાં સલામતીના કારણોસર આ ભોંયરાનો પ્રવેશદ્વાર બંધ રાખવામાં આવ્યો છે અને ત્યાં શ્રી દત્ત ભગવાનના પગલા પધરાવવામાં આવ્યા છે. ચારેબાજુ ખુલ્લી કમાન આ જગ્યા પાસે શંકર ભગવાનનું મંદિર પણ આવેલું છે અને ત્યાં શ્રી હનુમાનજીનું મંદિર પણ દર્શનીય છે.

આ જગ્યા ડુંગરો તથા ખીણોની હારમાળા તથા દરિયા તથા રણ પ્રદેશ ત્રણેનો સંગમ છે. અહીં સવલતોમાં વિરામ સ્થાન, યાત્રી નિવાસ, ભોજનાલય, રસોઈઘર, પરબ, ભજન કીર્તન સ્થાન, ગૌશાળા તથા હવે કોમ્યુનિટી હોલની સુવિધા થવાની છે.

***(લેખકના જાત અનુભવ તથા જાત ફેમિલી પ્રવાસ પર આધારીત)***

# "જ્ઞાતિ-સેતુ"ના નવા સભ્યોની યાદી

*દેશના વિવિધ વિસ્તારોમાંથી તથા વિદેશમાંથી સેતુ પરિવારમાં જોડાઈ રહેલ સર્વે જ્ઞાતિજનોને અમો સહર્ષ આવકારીએ છીએ.*

| | | |
|---|---|---|
| ૧. | બુધ્ધભટ્ટી નીતિનભાઈ ધનજીભાઈ | કોટડા (ચકાર) |
| ૨. | સોની સુરેશ લાલજીભાઈ બીજલાની | ભુજ |
| ૩. | સોની વિનોદકુમાર શામજીભાઈ | અંજાર |
| ૪. | સોની ઉત્તમ શામજીભાઈ | અંજાર |
| ૫. | બારમેડા શશીકાંત હરીરામ | અંજાર |
| ૬. | ભગવાનભાઈ વિશ્રામભાઈ બુધ્ધભટ્ટી | આદિપુર |
| ૭. | બારમેડા રમેશભાઈ લક્ષ્મીદાસ | અંજાર |
| ૮. | સોની ભાનાજી ચુનીલાલ | નાગપુર |
| ૯. | જે. સી. કંસારા | રાજકોટ |
| ૧૦. | સોની જયંતીલાલ કાનાજી | ભુજ |
| ૧૧. | સુધાબેન એ. બુધ્ધભટ્ટી | ભુજ |
| ૧૨. | અમૃતલાલ ગોકલદાસ કંસારા | રાજકોટ |
| ૧૩. | પોમલ વેલજી પ્રેમજી | માંડવી |
| ૧૪. | જયસુખલાલ ગોકલદાસ કંસારા | રાજકોટ |
| ૧૫. | સોની ગોપાલભાઈ જીવરામભાઈ | તલોદ |
| ૧૬. | સોની અમૃલાલ ખેંગારભાઈ | વડાલી |
| ૧૭. | ધનવંતભાઈ કંસારા | અમદાવાદ |
| ૧૮. | પરેશકુમાર કંસારા | દિલ્હી |
| ૧૯. | સોની મોહનલાલ રામજીભાઈ | જડોદર (કોટડા) |
| ૨૦. | મહેન્દ્ર કે. સોની | જીયાપર |
| ૨૧. | સોની હિંમતલાલ રાવજીભાઈ | વિઠોણ |
| ૨૨. | સોની શંકરલાલ ખીમજી | માનકુવા |
| ૨૩. | નાનાલાલ ડી. પોમલ | કોઠારા |
| ૨૪. | કંસારા ઝુંબેશ કાનજીભાઈ | નલીયા |
| ૨૫. | સોની પ્રફુલભાઈ શંભુભાઈ | મિરજાપુર |
| ૨૬. | સોની હીરાલાલ વેલજીભાઈ કટ્ટા | રસાલીયા |
| ૨૭. | સોની પ્રફુલભાઈ પ્રાગજીભાઈ | નેત્રા |
| ૨૮. | સોની રાવજીભાઈ વિશનજીભાઈ | રવાપર |
| ૨૯. | સોની ધનજીભાઈ રવજીભાઈ | સાંયરા (યક્ષ) |
| ૩૦. | સોની મંગલદાસ મુલજીભાઈ | રવાપર |
| ૩૧. | સોની પ્રવીણભાઈ વિશનજી બારમેડા | રવાપર |
| ૩૨. | સોની શશીકાંત ગાંગજીભાઈ | દેશલપર |
| ૩૩. | સોની ભરતભાઈ મેઘજીભાઈ | બીટ્ટા |

## 'જ્ઞાતિ સેતુ' લવાજમ અંગે....

*આથી 'જ્ઞાતિ સેતુ'ના સર્વે માનવંતા સભ્યોને વિનંતી કે આપનું લવાજમનું વર્ષ પૂરું થઈ ગયું હોય તો તે રીન્યુ કરાવી લેવા વિનંતી છે. હવેથી નાણાંકીય વર્ષ મુજબ લવાજમ લેવાનું હોવાથી માર્ચ-૨૦૦૭ સુધીના લવાજમની રકમ 'જ્ઞાતિસેતુ' કાર્યાલય અથવા આપના નજીકના 'સેતુ'ના માનદ્ પ્રતિનિધિઓને મોકલાવી આપવા વિનંતી છે. વિશેષ માહિતી માટે સંપર્કઃ*

- **શૈલેષ કંસારા** — **ભુજ** — **૯૮૨૪૦ ૩૩૪૪૦**
- **કમલેશ પોમલ** — **ભુજ** — **૯૮૭૯૩ ૬૦૨૦૫**
- **પ્રકાશ પી. સોની** — **નખત્રાણા** — **૯૮૭૯૨ ૭૯૩૨૫**
- **હેમેન્દ્ર કંસારા** — **અંજાર** — **૯૮૭૯૧ ૯૪૩૩૪**
- **પ્રકાશ સોની** — **રાયપુર** — **૦૭૭૧-૨૫૫૫૬૬૯**
- **જયમીન જે. સોની** — **અમદાવાદ** — **૯૮૨૪૫ ૪૬૬૫૦**
- **સુરેશભાઈ સોલંકી** — **માંડવી** — **૯૮૭૯૨ ૧૬૧૪૦**
- **હિતેશ સોની** — **માધાપર** — **૯૪૨૭૪ ૪૩૮૭૪**

Printed & published by Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at Kankeshwari Offset, Raipur Darwaja, Bhutni Ambli, Ahmedabad-380 001. Published at Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Challa Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor :Shri Hansraj Kansara. Price : Rs. 20.00